RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
E-mail Id: mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક

Year : 15, Issue : 15, Dt.29-03-2024 Friday Page : 4 Retail Selling Price : Rs. 3/- Published Date : DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# સોનામાં આગ ઝરતી તેજીઃ ભાવ રૂા.૭૦ હજારને પાર



### એક જ દિવસમાં ૧૦ ગ્રામે રૂા.૧૪૦૦નો ઉછાળોઃ વિશ્વ બજારમાં ૨૨૨૫ ડોલરની નવી ટોચે પહોંચ્યુંઃ ચાંદીમાં પણ રૂા.૧૦૦૦નો ઉછાળોઃ વસંત પંચમીના પવિત્ર દિવસોમાં સોનાની ખરીદીમાં મોટો ફટકો પડવાની સંભાવના

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શેરબજારની જેમ સોના-ચાંદી જેવી કિંમતી ધાતુઓમાં પણ જબરદસ્ત તેજીનો દોર રહ્યો છે. રાજકોટમાં સોનાનો ભાવ ૭૦,૦૦૦ને વટાવી ગયો હતો. વર્લ્ડ માર્કેટમાં ૨૨૦૦ ડોલરને પાર કરીને નવી ઉંચાઇએ પહોંચ્યો હતો.

અમેરિકામાં ફેડરલ રિઝર્વ જુનમાં વ્યાજદર ઘટાડાનો દોર શરૂ કરશે તેવી અટકળો વચ્ચે સોનાના ભાવ સળગી ઉઠયા હતા અને એક જ દિવસમાં ભાવમાં દસ ગ્રામે રૂા. ૧૪૦૦નો ઉછાળો નોંધાયો હતો. રાજકોટમાં હાજર સોનુ ઉંચામાં ૭૦૪૫૦ થઇને ૭૦૪૦૦ સાંપડયું હતું. વિશ્વબજારમાં ૨૨૨૫ ડોલર થઇને ૨૨૧૯ ડોલર થયું હતું.


સોનાની જેમ ચાંદીમાં પણ રૂા. ૧૦૦૦નો ઉછાળો હતો અને ભાવ ૭૬૬૭૫ પર પહોંચ્યો હતો. વર્લ્ડ માર્કેટમાં સોનુ ૨૪.૮૨ ડોલર સાંપડયું હતું. સોના-ચાંદીમાં જબરદસ્ત તેજીથી ઝવેરીઓ પણ સ્તબ્ધ બન્યા છે. વર્લ્ડ લેવલે સેન્ટ્રલ બેંકોની ધૂમ ખરીદી છે. ઉંચી કિંમતોને કારણે હવે લોકલમાં રીટેઇલ ખરીદી અટકવાની ચિંતા છે.

વસંતપંચમી જેવા પવિત્ર દિવસોમાં સોનાની મોટી ખરીદી થતી હોય છે તેમાં મોટો ફટકો પડવાની આશંકા રહે છે. હવે આવતા સપ્તાહમાં સોના-ચાંદીમાં ભાવનો ટ્રેન્ડ કેવો રહે છે તેના પર મીટ છે. જાણકારો આવતા મહિનાઓમાં ભાવ ૭૫,૦૦૦ કે ૮૦,૦૦૦ સુધી થવાના સૂર દર્શાવી રહ્યા છે.

## રાજકોટ સહિત સમગ્ર રાજ્યમાં ઉનાળાના પ્રારંભે જ કાળઝાળ ગરમીઃ અનેક સ્થળોએ તાપમાનનો પારો ૪૦ ડિગ્રીને આંબ્યો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ સહિત સમગ્ર રાજયમાં ઉનાળાનાં પ્રારંભે જ લઘુતમ તાપમાનનો પારો ઉચકાતા કાળઝાળ ગરમીથી જનજીવન પર અસર જોવા મળી રહી છે. ઉનાળાનાં પ્રારંભે જ પારો ૪૦ ડિગ્રીને પાર જતા રાજયમાં ગરમીનો કહેર અનુભવાઈ રહ્યો છે. રાજયમાં સૌથી વધુ અમરેલી જિલ્લામાં પારો ૪૧ ડિગ્રી નજીક પહોંચતા આકરી ગરમીનો પ્રભાવ જોવા



મળી રહ્યો છે.

સૌરાષ્ટ્રના જિલ્લાઓમાં રાજકોટ જિલ્લો અમદાવાદની સરખામણી કરી રહ્યો છે. રાજકોટ અને અમદાવાદ જિલ્લામાં તાપમાન ૪૦ ડિગ્રીએ પહોંચતા બપોરના સમયે માર્ગો સુમસામ ભાસી રહ્યા છે. લોકો ગરમીથી બચવા માટે ટોપી, મોઢે રૂમાલ બાંધી પસાર થતા જોવા મળી રહ્યા છે.

મોટાભાગે લોકો છાંયડામાં ઉભા રહેવાનું પસંદ કરે છે. ગરમીથી બચવા એસી, એરકુલર, ઠંડા પીણા, આઈસ્ક્રીમ, સરબત અને ગરમી સામે રક્ષણ આપતા જયુસ, લચ્છી, શેરડીના રસનો સહારો લઈ રહ્યા છે.

રાજયમાં નોંધાયેલ લઘુતમ તાપમાનનાં આંકડા જોતા અમદાવાદ ૪૦ ડિગ્રી, અમરેલી ૪૦.૮ ડિગ્રી, બરોડા ૩૯.૬, ભાવનગર-૩૮.૨, ભુજ ૩૯.૨, છોટા ઉદેપુર ૩૯.૨, દાહોદ ૩૮.૩, દમણ ૩૨.૬, ડાંગ ૩૮.૩, ડીસા ૩૯.૧, દીવ ૩૧.૭, દ્વારકા ૨૯.૧, ગાંધીનગર ૩૯.૬, જામનગર ૩૪.૪, કંડલા ૩૩.૯, નલીયા ૩૪.૦, નર્મદા ૩૮.૮, ઓખા ૩૧.૬, પોરબંદર ૩૬.૦, રાજકોટ ૩૯.૮, સાસણગીર ૩૧.૭, સુરત ૩૭.૬, સુરેન્દ્રનગર ૪૦, વલસાડ ૩૫.૦, વેરાવળ ૩૦.૬ ડિગ્રી તાપમાન નોંધાયું છે.

## દિલ્હીમાં બંધારણીય કટોકટી વચ્ચે રાષ્ટ્રપતિ શાસન લાદવા પર વિચારણાઃ મુખ્યમંત્રી વગર સરકાર કેમ ચાલી શકે?

### દિલ્હીના ઉપ રાજ્યપાલ કાનૂની અભિપ્રાય માગશેઃ એટર્ની જનરલ ઓફ ઈન્ડિયાનો રિપોર્ટ પણ મંગાવી શકાય છે

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

પાટનગરના શરાબ કાંડમાં મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલની ધરપકડ અને તા.૧ એપ્રિલ સુધી ઈડીની કસ્ટડી લેવાતા હવે પાટનગરની રાજ્ય સરકારમાં મુખ્યમંત્રી વગર જ સરકારનું સંચાલન એ મુદ્દો બની ગયા છે અને ભાજપે તેને બંધારણીય કટોકટી તરીકે ગણાવી છે તો બીજી તરફ કેન્દ્ર સરકાર પણ એકશનમાં આવી છે.

સૂત્રોના જણાવ્યા મુજબ આ અંગે દિલ્હીના ઉપરાજ્યપાલનો રિપોર્ટ મંગાવ્યા બાદ રાજ્યની કેજરીવાલ સરકારને બરતરફ કરીને રાષ્ટ્રપતિ શાસન પણ લાદવાની શક્યતા પર સંકેત આપ્યો છે. સુત્રોના જણાવ્યા



મુજબ આ અંગે કેન્દ્ર અને દિલ્હીની લેફ્ટ ગવર્નર ઓફિસ સતત સંપર્કમાં છે અને એટર્ની જનરલ ઓફ ઈન્ડીયાનો રિપોર્ટ પણ મંગાવી શકાય છે.

દેશમાં એવું પ્રથમ વખત બન્યુ છે કે, કોઈ રાજ્યનો મુખ્યમંત્રી 'જેલ'માં છે અને તેના વગર સરકાર 'ચાલી' રહી છે. અગાઉ ઝારખંડમાં તત્કાલીન મુખ્યમંત્રી હેમંત સોરેને તેમની ધરપકડના કલાક પુર્વે જ રાજીનામુ આપી દીધુ હતું અને વૈકલ્પિક સરકાર રચાઈ ગઈ હતી પણ કેજરીવાલે જેલમાંથી સરકાર ચલાવવાની જાહેરાત કરી છે અને આ અંગે બે આદેશ પણ તેઓએ જેલમાંથી જાહેર કર્યા હતા.ગઈકાલે જ દિલ્હી હાઈકોર્ટે જો કે મુખ્યમંત્રી જેલમાં હોય તો તેણે રાજીનામુ દેવું પડે તેવી માંગ સાથેની અરજી ફગાવી હતી પણ કેન્દ્રની મોદી સરકાર હવે અલગ એંગલથી વિચારે છે. કેજરીવાલની હાલની રીમાન્ડ પુરી થયા બાદ સીબીઆઈ એક બની કેસમાં તેમની ધરપકડ કરી શકે છે.

## જમ્મુ-શ્રીનગર હાઈ-વે પર માર્ગ અકસ્માતમાં ૧૦ લોકોના મોત

**મુખ્ય સમાચાર, જમ્મુ**

જમ્મુ-કાશ્મીરથી એક મોટી દુર્ઘટનાના સમાચાર સામે આવ્યા છે. જમ્મુથી શ્રીનગર જઈ રહેલી પેસેન્જર કેબ રામબન જિલ્લાના બેટરી ચશ્મા પાસે જમ્મુ શ્રીનગર નેશનલ હાઈવે પર ઊંડી ખીણમાં પડી ગઈ છે. આ અકસ્માતમાં ૧૦ લોકોના મોત થયા છે. પોલીસ, SDRF અને સિવિલ ચછ્ઝરામબન ઘટનાસ્થળે પહોંચી ગયા છે અને બચાવ કામગીરી હાથ ધરી છે.

શુક્રવારે એક જગ્ટ જમ્મુ-શ્રીનગર નેશનલ હાઈવે પરથી લપસીને ખાડામાં પડી ગઈ હતી. આ અકસ્માતમાં દસ લોકોના મોત થયા હતા. અધિકારીઓએ જણાવ્યું કે વાહન શ્રીનગરથી જમ્મુ જઈ





રહ્યું હતું અને સવારે લગભગ ૧.૧૫ વાગ્યે જિલ્લાના બેટરી ચશ્મા વિસ્તારમાં ૩૦૦ ફૂટ ઊંડી ખીણમાં પડી ગયું. તમામ મૃત મુસાફરોના મૃતદેહ મળી આવ્યા છે.

પોલીસ અને સ્ટેટ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફોર્સ (આરડીઆરએફ) ના જવાનો સ્થળ પર છે અને બચાવ કામગીરી ચાલી રહી છે. અધિકારીઓએ જણાવ્યું કે ભારે વરસાદ વચ્ચે ૧૦ મુસાફરોના મૃતદેહ બહાર કાઢવામાં આવ્યા છે.

## હિમાચલ પ્રદેશમાં વરસાદ અને હિમવર્ષાની સંભાવનાઃ યલો એલર્ટ અપાયું

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

હિમાચલ પ્રદેશમાં વરસાદ અને હિમવર્ષા માટે યલો એલર્ટ વચ્ચે ગુરુવારે રોહતાંગ પાસના ઊંચા શિખરોમાં બરફ પડ્યો હતો. પર્યટન શહેર મનાલીમાં જગતસુખના કાલુ નાળામાં હિમસ્ખલન બાદ બરફ નીચે દટાયેલા જેસીબી ઓપરેટરને પોલીસ શોધી રહી છે. શુક્રવાર અને શનિવારે રાજયના મોટાભાગના વિસ્તારોમાં વરસાદ,



હિમવર્ષા, આંધી અને કરા માટે ઓરેન્જ એલર્ટ જારી કરવામાં આવ્યું છે.

તેવી જ રીતે, વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ સક્રિય થવાને કારણે પંજાબના મધ્યમાં નીચા દબાણનું ક્ષેત્ર બનશે. જેના કારણે સમગ્ર રાજ્યમાં છૂટોછવાયો વરસાદ પડશે. જો કે, તેની અસર પંજાબને અડીને આવેલા જિલ્લાઓ જેમ કે સિરસા, ફતેહાબાદ, હિસાર, કૈથલ વગેરેમાં વધુ જોવા મળશે.

આ જિલ્લાઓમાં હળવોથી મધ્યમ વરસાદ પડી શકે છે. આ સાથે ૩૦ થી ૪૦ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે જોરદાર પવન ફૂંકાશે અને કેટલાક સ્થળોએ કરા પડવાની સંભાવના છે. આ વિક્ષેપની અસર ૩૧ માર્ચ સુધી રહેશે.

વિભાગે ૨ એપ્રિલે ફરી એકવાર સક્રિય થતા વેસ્ટર્ન ડિસ્ટર્બન્સના કારણે હરિયાણામાં હવામાનમાં ફેરફાર થવાની સંભાવના વ્યક્ત કરી છે. જો કે, તે પહેલા કરતા નબળા રહેશે. વિક્ષેપના આગમન સાથે, દિવસ અને રાત્રિના તાપમાનમાં વધારો થશે અને પસાર થયા પછી, તાપમાનમાં થોડો ઘટાડો થશે. ગુરુવારે મહત્તમ તાપમાન ૩૬.૦ ડિગ્રી હતું જે સામાન્ય કરતાં ૨.૬ ડિગ્રી વધુ હતું. લઘુત્તમ તાપમાન ૧૮.૭ ડિગ્રી નોંધાયું હતું જે સામાન્ય કરતાં ૧.૪ ડિગ્રી વધુ હતું.

માર્ચ મહિનાનો સૌથી વધુ પારો ગુરૂવાર ઉના, ધર્મશાલા અને સિમલામાં નોંધાયો હતો. ઉનામાં મહત્તમ તાપમાન ૩૫ ડિગ્રી સેલ્સિયસ, ધર્મશાલામાં ૨૬ અને શિમલામાં ૨૩.૬ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. રાજ્યના નવ વિસ્તારોમાં મહત્તમ તાપમાન ૩૦ ડિગ્રીને પાર પહોંચી ગયું છે. કલ્પા અને કીલોંગ સિવાય રાજ્યના અન્ય વિસ્તારોમાં બુધવારે રાત્રે લઘુત્તમ તાપમાન ૧૦ ડિગ્રીથી વધુ નોંધાયું હતું. ગુરૂવારે રાજધાની શિમલા સહિત રાજ્યના તમામ વિસ્તારોમાં હવામાન સ્વચ્છ રહ્યું હતું. હવામાન કેન્દ્ર શિમલાએ ગુરુવારે ઘણા વિસ્તારોમાં વરસાદ અને હિમવર્ષા માટે યલો એલર્ટ જારી કર્યું હતું, પરંતુ નબળા વેસ્ટર્ન ડિસ્ટર્બન્સને કારણે યલો એલર્ટ બિનઅસરકારક રહ્યું હતું.

## ભારતના નવા ફાઈટર જેટ Tejas MK-1Aની પહેલી ઉડાન સફળ, વધુ ઘાતક અને એડવાન્સ સિસ્ટમથી સજ્જ

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

તેજસ એમકે-૧એ ફાઈટર જેટની પહેલી ઉડાન ૨૮મી માર્ચે બેંગલુરુમાં હિન્દુસ્તાન એરોનોટિક્સ લિમિટેડની સુવિધામાં સફળતાપૂર્વક પૂર્ણ થઈ હતી. આ ઉડાન લગભગ ૧૮ મિનિટની હતી. થોડા સમય પહેલા આ વિમાનમાં ડિજિટલ ફ્લાય બાય વાયર ફ્લાઈટ કંટ્રોલ કોમ્પ્યુટર લગાવવામાં આવ્યું હતું. સરળ ભાષામાં ડીએફસીસીનો અર્થ છે ફાઈટર જેટમાંથી મેન્યુઅલ ફ્લાઈટ કંટ્રોલ દૂર કરવા અને તેને ઈલેક્ટ્રોનિક ઈન્ટરફેસ સાથે બદલવાનો છે. એટલે કે કોમ્પ્યુટરના હાથમાં ઘણી બધી વસ્તુઓ જાય છે, જે વિમાનને સંતુલિત રાખે છે અને પાયલોટના કહેવા



મુજબ નિયંત્રિત રહે છે.

વિમાનનું અદ્યતન વર્ઝન, તેજસ એમકે-૧એ અદ્યતન મિશન કોમ્પ્યુટર, હાઈ પ્રદર્શન ક્ષમતા ડિજિટલ ફ્લાઈટ કંટ્રોલ કોમ્પ્યુટર, સ્માર્ટ મલ્ટી-ફંક્શન ડિસ્પ્લે, એડવાન્સ ઈલેક્ટ્રોનિકલી સ્કેન કરેલ એરે રડાર, એડવાન્સ્ડ સેલ્ફ-પ્રોટેક્શન જેમર, ઈલેક્ટ્રોનિક વોરફેર સૂટ જેવી આધુનિક સુવિધાઓથી સજ્જ છે. જો કે આ વિમાન તેજસ એમકે-૧ જેવું જ છે, પરંતુ તેમાં કેટલીક વસ્તુઓ બદલાઈ છે. જેમ કે તે અત્યાધુનિક ઈલેક્ટ્રોનિક વોરફેર સ્યૂઈટ, અદ્યતન એઈએસએ રડાર, સેલ્ફ-પ્રોટેક્શન જેમર, રડાર વોર્નિંગ રિસીવરથી સજ્જ છે. ઉપરાંત ઈસીએમ પોડ બહારથી પણ લગાવી શકાય છે.

તેજસ એમકે-૧એ પહેલાના વેરિઅન્ટ કરતાં થોડું હળવું છે. વિમાનની લંબાઈ ૪૩.૪ ફૂટ, અને ઊંચાઈ ૧૪.૫ ફૂટ. મહત્તમ ૨૨૦૦ કિ.મી પ્રતિ કલાકની ઝડપે ઉડી શકે છે. કોમ્બેટ રેન્જ ૭૩૯ કિલોમીટર છે. જો કે, તેની ફેરી રેન્જ ૩૦૦૦ કિલોમીટર છે. તેજસ એમકે-૧એ મહત્તમ ૫૦ હજાર ફૂટની ઊંચાઈ સુધી પહોંચી શકે છે. તેમાં કુલ ૯ હાર્ડ પોઈન્ટ છે.

## પહેલીવાર અંબાણી-અદાણી જૂથે હાથ મિલાવ્યાઃરિલાયન્સ જૂથે અદાણીના પાવર પ્રોજેક્ટનો ૨૬% હિસ્સો ખરીદ્યો

### મહાન એનર્જી લિમિટેડના ૫ કરોડ શેર રિલાયન્સે ૧૦ રૂપિયાની ફેસવેલ્યુએ ખરીદ્યાંઃ ૨૦૨૨-૨૩માં મહાન એનર્જીનું ટર્નઓવર ૨,૭૩૦.૬૮ કરોડ થયુ હતું

**મુખ્ય સમાચાર, મુંબઈ**

દેશના ટોચના ધનાઢ્ય અને બન્ને ગુજરાતી એવા ઉદ્યોગપતિઓ અંબાણી અને અદાણીએ સૌ પ્રથમ વખત સહયોગ સાધ્યો છે. મુકેશ અંબાણીની રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝે ગૌતમ અદાણીના મધ્યપ્રદેશના પાવર પ્રોજેક્ટમાં ૨૬ ટકા હિસ્સો ખરીદયો છે, અને પ્લાન્ટ્સને કેપ્ટિવ ઉપયોગ માટે ૫૦૦ મેગાવોટ વીજળીનો ઉપયોગ કરવા માટે એક કરાર પર હસ્તાક્ષર કર્યા છે. રિલાયન્સ અદાણી પાવર લિમિટેડની સંપૂર્ણ માલિકીની પેટાકંપની મહાન એનર્જી લિમિટેડમાં ૫ કરોડ ઇક્વિટી શેર ખરીદશે, જેની ફેસ વેલ્યૂ રૂ. ૧૦ એટલે (રૂ. ૫૦ કરોડ) છે અને કેપ્ટિવ ઉપયોગ માટે ૫૦૦ મેગાવોટ ઉત્પાદન ક્ષમતાનો ઉપયોગ કરશે, એમ બંને કંપનીઓએ સ્ટોક એક્સચેન્જ ફાઇલિંગમાં જણાવ્યું હતું. અદાણી ગ્રૂપની





કંપની અદાણી પાવર લિમિટેડે રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ સાથે ૫૦૦ મેગાવોટ માટે ૨૦ વર્ષના લાંબા ગાળાના પાવર પરચેઝ એગ્રીમેન્ટ પર હસ્તાક્ષર કર્યા છે. બોમ્બે સ્ટોક એક્સચેન્જના ફાઇલિંગમાં અદાણી પાવરે જણાવ્યું હતું કે કંપનીની પેટાકંપની મહાન એનર્જી (ખઊક) એ આ કરાર પર હસ્તાક્ષર કર્યા છે. ખઊક્ની કુલ ઓપરેશનલ ક્ષમતા ૨,૮૦૦ ખઠ છે. તેમાંથી ૬૦૦ મેગાવોટના એક યુનિટને કેપ્ટિવ યુનિટ બનાવવાની દરખાસ્ત છે.

અંબાણીની રુચિ ઓઇલ અને ગેસથી લઇને રિટેલ અને ટેલિકોમ સેક્ટરમાં છે ત્યારે બીજી તરફ અદાણીનું ફોકસ મોટા ભાગે પોર્ટ્સથી એરપોર્ટ્સ, કોલ અને માઇનિંગ પર રહ્યું છે ત્યારે ભાગ્યે જ બંને દિગ્ગજોએ એકબીજાનો રસ્તો ઓળંગ્યો હોય તેવું બન્યું છે. માત્ર ક્લીન એનર્જીમાં બંને જૂથોએ અબજો રૂપિયાના રોકાણની જાહેરાત કરી છે.


આ બે ગ્રૂપ વચ્ચેનું મર્જર કહેવા કરતા બન્ને ગ્રૂપ વચ્ચે પાવર-એનર્જી સેક્ટરમાં સ્ટ્રેટેજિક ઇન્વેસ્ટમેન્ટ થયું હોવાનું કહેવું વધુ હિતાવહ રહેશે. મુકેશ અંબાણીની રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝે ગૌતમ અદાણીના મધ્યપ્રદેશના પાવર પ્રોજેક્ટમાં ૨૬ ટકા હિસ્સો ખરીદયો છે, અને પ્લાન્ટ્સને કેપ્ટિવ ઉપયોગ માટે ૫૦૦ મેગાવોટ વીજળીનો ઉપયોગ કરવા માટે એક કરાર પર હસ્તાક્ષર કર્યા છે. આ દ્વારા આગળ જતા રિન્યુએબલ એનર્જી તેમજ ગ્રીન હાઇડ્રોજન પર વધુ કામ થઇ શકશે.

## હવે હાઇ-વે પર ટોલ-બૂથ નહીં દેખાય, સેટેલાઈટની મદદથી કપાશે પૈસા! ગડકરી

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

દેશભરમાં ટૂંક સમયમાં ટોલ પ્લાઝાની ઝંઝટમાંથી વાહન ચાલકોને મુક્તી મળશે અને તેના સ્થાને નવી સિસ્ટમ શરૂ કરાશે. નવી સિસ્ટમ શરૂ થયા બાદ વાહન ચાલકોએ ટોલ પ્લાઝા પર ઉભા રહેવાની પણ જરૂર નહીં પડે. આ કારણે તેમના સમયની બચત ઉપરાંત ઈંધણની પણ બચત થશે, તેમ કેન્દ્રીય પરિવહન મંત્રી નિતિન ગડકરીએ કહ્યું છે.

ગડકરીએ આજે ટ્વિટર માહિતી





આપતા કહ્યું કે, કેન્દ્ર સરકારે ટૂંક સમયમાં સેટેલાઈટ આધારિત ટોલ સિસ્ટમ શરૂ કરશે. આ સિસ્ટમ લાગુ થયા બાદ વાહન ચાલકોએ કોઈપણ ટોલ પ્લાઝા પર ઉભા રહેવાની જરૂર નહીં પડે અને તેમના બેંક એકાઉન્ટમાંથી આપોઆપ નાણાં કપાઈ જશે. તેમણે એમ પણ કહ્યું કે, વર્ષ ૨૦૨૪ સુધીમાં દેશના તમામ નેશનલ હાઈવે અમેરિકા જેવા થઈ જશે. વાહન ચાલકો જેટલા કિલોમીટરની સફર કરશે, તેટલો જ ટોલ ટેક્સ સીધા તેમના બેંક એકાઉન્ટમાંથી કપાશે. જોકે તેમણે નવી સિસ્ટમ ક્યારે શરૂ થશે, તે અંગે ડેડલાઈન આપી નથી.

# વાંકાનેરમાં આઈપીએલના મેચનો જાહેરમાં રનફેરનો જુગાર રમતા એક ઝડપાયો, બે આરોપીની શોધખોળ

**મુખ્ય સમાચાર, મોરબી**

વાંકાનેરના જીનપરા વિસ્તારમાં મોબાઇલ ફોનમાં અન્ય ગ્રાહક સાથે આઇપીએલ ટવેન્ટી-ટવેન્ટી ક્રિકેટ મેચના રનફેરનો જુગાર રમતા એક શખ્સને મોરબી એલસીબી પોલીસ ટીમ દ્વારા ઝડપી લેવામાં આવ્યો છે. આ સાથે સમગ્ર ક્રિકેટનો સટ્ટો રમાડતા મુખ્ય આરોપી તથા મોબાઇલ ફોનમાં રનફેરનો જુગાર રમતા શખ્સો એમ કુલ ત્રણ શખ્સો વિરુદ્ધ જુગારધારા હેઠળ ગુનો નોંધી દરોડા દરમિયાન હાજર નહિ મળી આવેલ બંને શખ્સોને પકડી પાડવા ચક્રો ગતિમાન કર્યા છે.

મળતી માહિતી અનુસાર મોરબી એલસીબી પોલીસ ટીમે પૂર્વ બાતમીને આધારે વાંકાનેરના જીનપરા શેરી નં.૧૧માં દરોડો પાડી વર્તમાનમાં ચાલતા આઈપીએલની ક્રિકેટ મેચ ઉપર મોબાઇલ ફોનમાં રનફેરનો જુગાર રમતા આરોપી નીતિનભાઇ રસીકભાઇ વીંજવાડીયા ઉવ.૨૪ રહે.વાંકાનેર જીનપરા શેરી નં.૧૧ને ઝડપી લેવામાં આવ્યો છે. પોલીસે આરોપી પાસેથી મોબાઇલ ફોન તથા રોકડ ૫,૫૦૦ મળી કુલ રૂ.૧૦,૪૦૦/-નો મુદામાલ કબ્જે કર્યો હતો. આ સાથે મોબાઇલ ફોનમાં સામે છેડે રનફેરનો જુગાર રમતો મોબાઇલ નં.૭૮૭૪૬ ૮૧૫૫૦ ધરાવતો આરોપી તથા સમગ્ર ક્રિકેટ સટ્ટાનો મુખ્ય આરોપી ક્રિપાલસિંહ સહદેવસિંહ ઝાલા રહે.વાંકાનેર આસ્થાગ્રીન સોસાયટી મુળરહે.વઘાસીયા તા.વાંકાનેર દરોડા દરમિયાન હાજર નહિ મળી આવતા તે બંનેને ફરાર દર્શાવી ત્રણેય આરોપીઓ સામે વાંકાનેર સીટી પોલીસ મથકમાં જુગારધારા હેઠળ ગુનો નોંધી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

# હળવદના ચુંપણી ગામે થયેલ હત્યાના આરોપીની અટકાયત કરાઈ

**મુખ્ય સમાચાર, હળવદ**



હળવદ પોલીસ સ્ટેશન વિસ્તારના ચુંપણી ગામે ગત તા. ૨૬/૦૩/૨૦૨૪ના રોજ મારામારીના ગુન્હામાં રામાભાઈ ઓળકિયાનું મૃત્યુ નિપજ્યું હતું. જેને લઇને હળવદ પોલીસે સ્ટેશન ખાતે ગુન્હો દાખલ કરાયો હતો. જે ગુન્હામાં આરોપી ગણેશભાઈ વાલજીભાઈ ઓળકીયાની અટકાયત કરવામાં આવી છે.

મળતી માહિતી અનુસાર, હળવદ પોલીસ સ્ટેશન વિસ્તારમાં ગત તા. ૨૬/૦૩/૨૦૨૪ ના રોજ મારામારીમાં ગુન્હામાં ચુંપણીના રામાભાઈ મોહનભાઈ ઓળકીયાનું મૃત્યુ નિપજ્યું હતું. જે બનાવમાં આરોપી ગણેશભાઈ વાલજીભાઈ ઓળકીયા જાતે કોળી ચારેક દિવસ પહેલા અલગ અલગ મોટર સાઈકલ લઈને દ્વારકા ગયા હતાં. તે વખતે મૃત્યુ પામનાર રામાભાઈ આરોપીનો સંગાથ કરવા રહેલ નહી અને આરોપીને એકલા મુકીને ઘરે પરત આવી ગયા હતા. જે બાબતનું મનદુ:ખ અને ખાર રાખી મરણજનાર અને તેમના પત્નિ વાલીબેન તા.૨૬/૦૩/૨૦૨૪ ના સાંજના આશરે સાતેક વાગ્યે ચુંપણી ગામના ઝાપા પાસે રસાભાઈ છગનભાઈની દુકાને આવેલ ઓટલા પાસે હતા ત્યારે આ કામના આરોપીએ રામાભાઈ પાસે પાસે દ્વારકા ગયેલ તે વખતે એકલા મુકીને કેમ જતા રહેલ તેમ કહી પોતાની વાડીના શેઢે નહી ચાલવાનું કહ્યું હતું. જે બાબતે રામાભાઈએ પણ પોતાની વાડીમાં નહી આવવાનું કહેતા આરોપીએ આવેશમાં આવી રામાભાઈને છરી વડે છાતીના ભાગે તથા પેટના વચ્ચેના ભાગે તથા ડાબી બાજુના પડખામાં પેટના વચ્ચેના ભાગે તથા ડાબી બાજુના પડખામાં પેટના ભાગે ઘા કરી જીવલેણ ઇજા પહોંચાડી હતી. તેમજ રામાભાઈના પત્નિ વાલીબેન વચ્ચે પડતા આરોપીએ વાલીબેનને પણ હાથના ભાગે છરીનો એક ઘા મારી ઈજા પહોંચાડી હતી. જેમાં રામાભાઈનું મૃત્યુ નિપજ્યું હતું. જે બનાવમાં હળવદ પોલીસે અલગ અલગ ટીમો બનાવી આરોપીને પકડવા પ્રયત્નો શરૂ કર્યા હતા. જે બનાવમાં ચુંપણી ગામના ૪૪ વર્ષીય આરોપી ગણેશભાઈ વાલજીભાઈ ઓળકીયાની ગઇકાલે અટકાયત કરવામાં આવી હતી.


## વાંકાનેરઃપતિ-પત્ની વચ્ચે થયેલ સામાન્ય બાબતના ઝઘડામાં લાગી આવતા પત્નીએ ગળેફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યું

**મુખ્ય સમાચાર, મોરબી**

મળતી માહિતી અનુસાર વાંકાનેરના માટેલ રોડ ઉપર બ્રાવેટ સીરામીક કારખાનાની લેબર કોલોનીમાં રહેતી મૂળ મધ્યપ્રદેશની વતની રાધા દિનેશ વર્મા ઉવ.૩૭ ના ભાઈને તેમના પતિએ ઉછીના રૂપિયા આપ્યા હોય જે રૂપિયા મૃતક રાધાબેનના પતિએ પરત માંગતા જે બાબતે બંને પતિ-પત્ની વચ્ચે ઝઘડો થયેલ હોય જે બાબતે મૃતક રાધાબેનને લાગી આવતા પોતાના રૂમે પોતાની જાતે ખાટલાની કાપડની પાટી સીલીંગ પંખાના છત પર હુકમાં બાંધી ગળેફાંસો ખાઇ આપઘાત કરી લીધો હતો. ત્યારે સમગ્ર અપમૃત્યુના બનાવની વાંકાનેર તાલુકા પોલીસે અ.મોતની નોંધ કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

# સમયસર સર્જરીએ ભેંસનો જીવ બચાવ્યોઃ સ્થાનિક પશુ ચિકિત્સા ટીમે પેટમાંથી લોખંડી વસ્તુઓ દૂર કરી

**મુખ્ય સમાચાર, જામનગર**



જામનગર સમયસર સર્જરીએ ભેંસનો જીવ બચાવ્યોઃ સ્થાનિક પશુ ચિકિત્સા ટીમે પેટમાંથી લોખંડી વસ્તુઓ દૂર કરી.વલ્લભભાઈ દેવરાજભાઈ શિંગાળા ગામ-લતીપર તાલુકો -ધ્રોલ જીલ્લો- જામનગરના પશુપાલક એ પશુ દવાખાના ફલ્લા તાલુકો- જામનગર ખાતે પશુ ચિકિત્સા અધિકારીને ટેલીફોનિક સંપર્ક કરી જણાવેલ કે તેમની ભેંસ છેલ્લા એક મહિનાથી વારંવાર તાવ તથા આફરા ની બીમારી પીડાય છે તથા વારંવાર સારવાર કરાવવા છતાં ભેંસને રાહત થાય પરંતુ ફરીથી પાંચેક દિવસ પછી ફરીથી બીમાર પડી જાય છે તે અંગેની જાણ થતા ડો. ડી.બી. ગુર્જર તથા ડો.રમેશ સંતોકી મદદનીશ પશુપાલન નિયામક ઘનિષ્ઠ પશુ સુધારણા યોજના સાથે રહીને તેમના માર્ગદર્શન હેઠળ આ ભેસની સારવાર અર્થે રૂબરૂ જઈ તપાસ કરતા તથા મેટલ ડિટેક્ટર દ્વારા ચેક કરતા ભેંસના પેટમાં લોખંડ હોવાનું માલુમ પડેલ જે અંગે જાણ પશુ માલિકને કરતા પશુ માલિક દ્વારા શસ્ત્રક્રિયા બાબતે સંમતિ આપતા પશુના પેટની શસ્ત્રક્રિયા કરી તેના પેટમાંથી અંદાજે ત્રણ કિલો જેટલું અપાચ્ય પ્લાસ્ટિક અને દોરડા તથા ૧૦૦ ગ્રામ જેટલું લોખંડ જેવું કે બોલ્ટ, ચાકી સોયો વગેરે પેટમાંથી કાઢવામાં આવેલ તથા તે ભેસને નવું જીવન આપવામાં આવ્યું તે અંગે પશુ માલિક દ્વારા પશુ દવાખાના ના ડોક્ટર તથા જામનગર પશુપાલન પરિવારનો આભાર વ્યક્ત કરેલ છે.

# મોરબીમાં સગીરાનું અપહરણ કરી દુષ્કર્મ આચરનાર આરોપીને ૧૨ વર્ષની સખ્ત કેદની સજા

**મુખ્ય સમાચાર, જામનગર**

મોરબીમાં વર્ષ ૨૦૧૯ સગીરાનું બદકામ કરવાના ઇરાદે અપહરણ કરી દુષ્કર્મ આચરવાના કેસમાં મોરબી પોક્સો કોર્ટ દ્વારા આરોપીને ૧૨ વર્ષની કેદ તથા ૨૦ હજાર દંડ ફટકારતો આદેશ કરવામાં આવ્યો છે. આ સાથે આ દુષ્કર્મ કેસના સહઆરોપીને શંકાનો લાભ આપી નિર્દોષ છોડી મુકવાનો આદેશ કર્યો છે.



મોરબી શહેર વિસ્તારમાં રહેતી સગીરા વર્ષ ૨૦૧૯માં આરોપી ધર્મેન્દ્ર ઉર્ફે અતુલ નટવરલાલ પંડ્યા લગ્નની લાલચ આપી બદકામ કરવાને બહાને અપહરણ કરી નવલખી રોડ ઉપર આવેલ ચરમરીયાદાદાના મંદિર નજીકના વિસ્તારમાં લઈ ગયા બાદ આરોપીના બનેવી બિપિન પ્રવીણભાઈ રત્નોતરે રૂમની વ્યવસ્થા કરી આપતા આરોપી ધર્મેન્દ્ર ઉર્ફે અતુલ નટવરલાલ પંડ્યાએ સગીરા સાથે દુષ્કર્મ ગુજાર્યું હતું. ત્યારે સમગ્ર બાબતે સગીરાના માતાએ આરોપી વિરુદ્ધ પોલીસ ફરિયાદ નોંધાવી હતી.

ઉપરોક્ત દુષ્કર્મ કેસ મોરબી પોક્સો કોર્ટમાં ચાલી જતા સરકારી વકીલ નીરજ ડી.કરિયાની ધારદાર દલીલો સાથે ૧૬ મૌખિક અને ૨૫ દસ્તાવેજી પુરાવા ધ્યાને લઇ આરોપી ધર્મેન્દ્ર ઉર્ફે અતુલ નટવરલાલ પંડ્યાને ૧૨ વર્ષની કેદ અને ૨૦ હજારનો દંડનો આદેશ ફરમાવ્યો છે. જ્યારે આ કેસમાં આરોપી બિપીનભાઈ પ્રવીણભાઈ રત્નોતરેને મદદગારી બદલ શંકાનો લાભ આપી નિર્દોષ છોડી મુકવાનો આદેશ કરવામાં આવ્યો છે.

# જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં વીજબીલના નાણાં ન ભરનાર બાકીદારો સામે પીજીવીસીએલ દ્વારા કડક ઝુંબેશ

## વીજબીલ ન ભરનાર ૨,૧૩૮ ગ્રાહકના જોડાણ કટ, ટ્રાન્સફોર્મર ઉતારાયા

**મુખ્ય સમાચાર, જામનગર**



જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં વીજબીલના નાણાં ન ભરનાર બાકીદારો સામે પીજીવીસીએલ દ્વારા કડક ઝુંબેશ શરૂ કરવામાં આવી છે હાલારમાં ૩૧૩૮ ગ્રાહકોએ વીજબીલના રૂ.૧.૪૪ કરોડન ભરપાઇ ન કરતા તમામના વીજજોડાણ રદ કરી ટ્રાન્સફોર્મર ઉતારવાની કાર્યવાહી વીજકંપની દ્વારા કરવામાં આવી છે. ૨૭ માર્ચની સ્થિતિએ વીજબીલના રૂ.૩૯.૮૪ કરોડના લેણાં બાકી છે. જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં વીજબીલના નાણાં ન ભરનાર બાકીદારો સામે પીજીવીસીએલ દ્વારા કડક ઝુંબેશ શરૂ કરવામાં આવી છે. જે અંતર્ગત ૫૦૦થી વધુ ટીમ દ્વારા બાકી નાણાંની વસૂલાત કામગીરી કરવામાં આવી રહી છે. આ કામગીરી હેઠળ તા.૨૩ થી ૨૭ માર્ચ દરમ્યાન હાલારમાં ૧૯૭૭૭ ગ્રાહકોએ રૂ.૫.૨૦ કરોડની રકમ ભરપાઇ કરી હતી. જયારે ૨૧૩૮ ગ્રાહકોએ રૂ.૧.૪૪ કરોડની રકમ ન ભરતા તમામના વીજજોડાણ કાપી ટ્રાન્સફોર્મર ઉતારવામાં આવ્યા હતાં. સ્થિતિએ હજુ રૂ.૩૯.૮૪ કરોડની વીજબીલની વસૂલાત બાકી હોય આ ઝુંબેશ રજા સહિતના દિવસોમાં ચાલુ રખાશે.

# વાલીઓ અચુક મતદાન કરે તે માટે જામનગરની વિવિધ શાળાના વિદ્યાર્થીઓએ લીધા શપથ



**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર જિલ્લામાં મતદારો વધુમાં વધુ મતદાન કરી લોકશાહીના મહાપર્વમા સહભાગી બને તે માટે જિલ્લા ચુંટણી તંત્રના માર્ગદર્શન હેઠળ જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી દ્વારા SVEEP એક્ટિવિટી અંતર્ગત વિવિધ આયોજનો હાથ ધરવામાં આવ્યાં છે. જેમાં વકતૃત્વ સ્પર્ધા, નિબંધ સ્પર્ધા, ક્વિઝ સ્પર્ધા, સિગ્નેચર કેમ્પેઈ, રેલી, એકપાત્રિય અભિનય, રંગોળી સ્પર્ધા વગેરે જેવી પ્રવૃતિઓના માધ્યમથી જામનગર જિલ્લાના વિવિધ સ્થળોએ મતદાન જાગૃતિ અંગેનું વિશેષ અભિયાન હાથ ધરવામાં આવ્યું છે.આવી જ પ્રવૃતી અંતર્ગત જામનગરની શાળાઓમાં સ્ટાફ અને વિદ્યાર્થીઓ દ્વારા મતદાન કરવા અંગેના શપથ લેવામાં આવ્યા હતા જેમાં શાળાના વિદ્યાર્થીઓએ પોતાના વાલીઓને અચુક મતદાન કરાવશે તે અંગેના શપથ લીધા હતા અને મજબુત લોકશાહીના પાયામાં પોતાનું યથાયોગ્ય યોગદાન આપ્યું હતું.

# વાંકાનેર મતવિસ્તારના આણંદપર તથા નવી રાતિદેવડીના ગ્રામજનોએ લીધા મતદાનના શપથઃ સેલ્ફી પોઇન્ટ બન્યું મતદારોનું આકર્ષણ



**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા આગામી લોકસભા ચૂંટણી-૨૦૨૪ અનુસંધાને સંસદીય મતવિસ્તાર રાજકોટના ૬૭- વાંકાનેર વિધાનસભા મતદાર વિભાગના રાજકોટ તાલુકાના આણંદપર ગામ તથા નવી રાતિદેવડી પ્રા .શાળા ખાતે મતદાર જાગૃતિ કાર્યક્રમો યોજાયા હતા.

આ કાર્યક્રમમાં આંગણવાડી કાર્યકરો, આશાવર્કર બહેનો, ગામના આગેવાનો, ગ્રામ પંચાયત કચેરીના કર્મચારીઓ, ગ્રામજનો જોડાયા હતા, ગ્રામજનો દ્વારા ઉત્સાહપૂર્વક સેલ્ફી પોઇન્ટમાં ભાગ લેવામાં આવ્યો તથા આગામી લોકસભા ચૂંટણીમાં મતદાન કરવા અંગે શપથ લેવામાં આવ્યા હતા.

અત્રે ઉલ્લેખનીય છે કે, ૧૦ રાજકોટ સંસદીય મતદાર વિભાગમાં મોરબી જિલ્લાના ૨ વિધાનસભા મતદાર વિભાગ ૬૬-ટંકારા તથા ૬૭-વાંકાનેર અને રાજકોટ જિલ્લાના ૫ વિધાનસભા મતદાર વિભાગ ૬૮-રાજકોટ (પૂર્વ), ૬૯-રાજકોટ (પશ્ચિમ), ૭૦-રાજકોટ (દક્ષિણ), ૭૧-રાજકોટ ગ્રામ્ય (અ.જા.) અને ૭૨-જસદણ વિ.મ.વિ. મળી કુલ-૭ વિધાનસભા મતવિભાગનો સમાવેશ થાય છે.

# વુમન્સ પ્રીમિયર લીગની RCBની પ્લેયર આશા શોભના સોમવારથી બે દિવસ મોરબીના પ્રવાસે

**મુખ્ય સમાચાર, જયેશ બોખાણી**

**મોરબી :** વુમન્સ પ્રીમિયર લીગની છઈઇની પ્લેયર આશા શોભના સોમવારથી બે દિવસ મોરબીના પ્રવાસે આવવાની છે. અહીં તે સ્ટાર પ્લેયર રિયલ ક્રિકેટ એકેડમિના ખેલાડીઓને પ્રેક્ટિસ કરાવશે.



મોરબીના આંગણે સૌ પ્રથમવાર વુમેન્સ પ્રીમિયમ લીગની ચેમ્પિયન ટીમની પ્લેયર આવી રહી છે. તા.૧ અને ૨ એપ્રિલના રોજ રિયલ ક્રિકેટ એકેડમિમાં આશા શોભના જોય નામની પ્લેયર બે દિવસ માટે પ્રેક્ટિસ માટે આવી રહી છે. આશા ૨૦૨૪માં વુમન પ્રીમિયર લીગમાં બીજા નંબર ઉપર વિકેટ લેવામાં રહી છે. અને આરસીબીને ચેમ્પિયન બનાવવામાં તેનો સિંહફાળો રહ્યો છે. તેને ગ્રાઉન્ડમાં પ્રેક્ટિસ કરતા જોવા માટે મોરબીવાસીઓને રિયલ ક્રિકેટ એકેડમી ખાતે પધારવા નિમંત્રણ આપવામાં આવ્યું છે. તેમ યાદીમાં જણાવાયું છે.

# જસદણ મતદાર વિભાગમાં મતદાન જાગૃતિ અર્થે સ્ટીકર અને પોસ્ટર લગાવાયા



**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ જિલ્લા ખાતે ૭૨ – જસદણ વિધાનસભા મતદાર વિભાગમાં મદદનીશ ચૂંટણી અધિકારી અને પ્રાંત અધિકારીશ્રી ગ્રીષ્માબેન રાઠવાની રાહબરી હેઠળ લોકસભાની ચૂંટણીને લઈને મતદાન જાગૃતિ અર્થે વિવિધ પ્રવૃતિઓ હાથ ધરવામાં આવી રહી છે. જે અન્વયે અધિક જિલ્લા કલેક્ટર અને નોડલ ઓફિસર જિજ્ઞાસાબેન ગઢવીના માર્ગદર્શન મુજબ સ્વીપ (સિસ્ટમેટિક વોટર્સ એજ્યુકેશન એન્ડ ઇલેક્ટ્રોલ પાર્ટીશિપેશન) અભિયાન હેઠળ આટકોટમાં કૈલાસ ઇન્ડેન ગ્રામીણ વિતરક એજન્સી ખાતે મતદાન વિષયક પોસ્ટર તેમજ ગેસ સિલિન્ડર પર સ્ટીકર ચોંટાડવામાં આવ્યાં છે. ઉપરાંત, કોઠી ગામમાં સરકાર માન્ય વાજબી ભાવની દુકાન ખાતે પણ ચૂંટણીને લગતા પોસ્ટર લગાવવામાં આવ્યા છે. જેનાથી જનતાને મતદાન કરવાની પ્રેરણા મળે છે.

# અધિક જિલ્લા ચૂંટણી અધિકારીના અધ્યક્ષસ્થાને આવશ્યક સેવા કર્મીઓના પોસ્ટલ બેલેટ અંગે બેઠક યોજાઈ

## BSNL, રેલવે, આરોગ્ય અને મીડિયાકર્મીઓ સહિત વિવિધ ૧૨ જેટલી આવશ્યક સેવાઓનો પોસ્ટલ બેલેટમાં સમાવેશ

**મુખ્ય સમાચાર, રાજકોટ**




લોકશાહીને મજબૂત કરવા માટે દેશનો દરેક નાગરિક લોકસભા સામાન્ય ચૂંટણી - ૨૦૨૪માં પોતાના મતાધિકારનો ઉપયોગ કરી શકે હેતુ સૌ પ્રથમ વખત ભારતીય ચૂંટણી પંચ દ્વારા ગુજરાત રાજ્યમાં વીજળી, બી.એસ.એન.એલ., રેલવે, દૂરદર્શન, ઓલ ઈન્ડિયા રેડિયો, આરોગ્ય વિભાગ, ઉડ્ડયન, રાજ્ય પરિવહન નિગમ, અગ્નિશમન સેવાઓ, ચૂંટણી પંચ દ્વારા અધિકૃત કરેલા મીડિયા કર્મીઓ, ટ્રાફિક પોલીસ તથા એમ્બ્યુલન્સ સહિતની ૧૨ સેવાઓને આવશ્યક સેવાઓ તરીકે જાહેર કરવામાં આવી છે. જે અન્વયે રાજકોટ અધિક જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી એન.કે. મુછારના અધ્યક્ષસ્થાને કલેકટર કચેરી ખાતે ૧૨ આવશ્યક સેવાકર્મીઓને પોસ્ટલ બેલેટ દ્વારા મતદાનની સુવિધા આપવા અંગે બેઠક યોજાઈ હતી.

આ બેઠકમાં અધિક જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી મુછારે જણાવ્યું હતું કે, મતદાર યાદીમાં નોંધાયેલા અને મતદાનના દિવસે તેમની આવશ્યક ફરજોને કારણે મતદાન મથકમાં હાજર રહી શકશે નહિ તેવા જ મતદારોને આવશ્યક સેવાકર્મીઓને પોસ્ટલ બેલેટ દ્વારા મતદાન કરવાપાત્ર ગણાશે. પોસ્ટલ બેલેટ દ્વારા મતદાનની પાત્રતા ધરાવતા મતદાતાઓએ ફોર્મ - ૧૨(ડી) ભરીને નિયુક્ત નોડલ અધિકારીશ્રી દ્વારા પ્રમાણિત કરાવવાના રહેશે.

વધુમાં જિલ્લાના પોસ્ટલ બેલેટના નોડલ ઓફિસરશ્રી માંડોતે જણાવ્યું હતું કે, આવશ્યક સેવાકર્મીઓના પોસ્ટલ બેલેટના મતદાન માટે પોસ્ટલ વોટિંગ સેન્ટર તરીકે યોગ્ય સ્થળ નક્કી કરવામાં આવશે. ફોર્મ - ૧૨(ડી)માં ઉલ્લેખ કરેલા મોબાઈલ નંબર ઉપર પોસ્ટલ વોટિંગ સેન્ટરનું સંપૂર્ણ સરનામું મતદાનની તારીખ અને સમયની જાણ કરવામાં આવશે તેમજ અન્ય કિસ્સામાં પોસ્ટ અથવા બી.એલ.ઓ. દ્વારા પણ આ અંગેની જાણ કરવામાં આવશે.

ઉલ્લેખનીય છે કે, પોસ્ટલ બેલેટ દ્વારા મતદાનની મંજૂરી આપવામાં આવેલા મતદારો નિર્ધારિત કરેલા પોસ્ટલ વોટિંગ સેન્ટર પર જ મતદાન કરી શકશે, તેઓ અન્ય કોઈ રીતે મતદાન કરી શકશે નહીં. આ માટે તેમને અલગથી કોઇ રજા મળવાપાત્ર નથી.

આ બેઠકમાં ટ્રાફિક ડી.સી.પી.શ્રી પૂજા યાદવ, એસ.ટી.ના વિભાગીય નિયામકશ્રી જે.બી.કલોતરા, મામલતદારશ્રી મહેશ દવે સહીત સંબંધિત વિભાગના અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ૬૯ રાજકોટ પશ્ચિમ વિધાનસભા મતવિસ્તાર અંતર્ગત ૩૫૦ પ્રિસાઈડિંગ ઓફિસરોની ચૂંટણીલક્ષી તાલીમ યોજાઈ




**મુખ્ય સમાચાર, રાજકોટ**

લોકસભાની સામાન્ય ચૂંટણી-૨૦૨૪ના અનુસંધાને આગામી ૭ મેના રોજ મતદાન થનાર છે ત્યારે જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી પ્રભવ જોશી તથા અધિક જીલ્લા ચૂંટણી અધિકારીશ્રી એન.કે. મુછારના માર્ગદર્શન હેઠળ ચૂંટણી સાથે સંકળાયેલ સ્ટાફને તાલીમ આપવાની કામગીરીનો પ્રારંભ કરવામાં આવ્યો છે. જે અંતર્ગત વિરાણી સ્કુલ ખાતે ૬૯ રાજકોટ પશ્ચિમ વિધાનસભા મતવિસ્તારનાં લગભગ ૩૫૦ જેટલા પ્રીસાઈડિંગ ઓફિસરોને ઇવીએમ અને વીવીપેટ તેમજ તેમની ચૂંટણી ફરજ સંદર્ભે તાલીમ આપવામાં આવી હતી.

તાલીમમાં પ્રિસાઈડીંગ ઓફિસરોને મતદાનના દિવસે બજવવાની થતી ફરજ અને આ કામગીરી માટે રાખવાની તકેદારી અંગે રાજકોટ પશ્ચિમ વિધાનસભા મતવિસ્તારનાં મદદનીશ ચૂંટણી અધિકારીશ્રી નિશા ચૌધરી દ્વારા વિસ્તૃત માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. ઉપરાંત, મતદાનના આગલા દિવસે કરવાની થતી પૂર્વતૈયારી અને પ્રક્રિયાઓ વિષે વિગતવાર માહિતી આપવામાં આવી હતી. તાલીમાર્થીઓને ઈ.વી.એમ. મશીનના નિદર્શન સાથે પ્રેક્ટીકલ તાલીમ પણ આપવામાં આવી હતી. કલેક્ટરશ્રીએ પણ તાલીમ સ્થળની મુલાકાત લીધી હતી, તેમ મામલતદારશ્રી એમ.ડી. શુકલ દ્વારા જણાવવામાં આવ્યું છે.

# ઉપલેટા અને ગોંડલમાં જુગાર રમતા પાંચ શકુનિઓ ઝડપાયા

**મુખ્ય સમાચાર રાજકોટ**

ઉપલેટા પોલીસ મથકના હેડ કોસ્ટેબલ એચ.વી જાડેજા કોસ્ટેબલ શક્તિસિંહ સહિતનો સ્ટાફ ચૂંટણી અને અનુલક્ષીને પેટ્રોલિંગમાં હતા ત્યારે ચોક્કસ વાત વિના આધારે નટવર રોડ પર પીજી ચોક પાસે જાહેરમાં વરલી ફીચર ના આંકડા નો જુગાર રમતો આસિફ ઉર્ફે જાદુગર પલારખા બ્લોચ તથા ઈરફાન ઉર્ફે ભૂરો અને જાન્યા ની ધરપકડ કરી રોકડા રૂપિયા ૧૩,૯૪૦ નો મુદ્દામાલ કબ્જે કર્યો હતો જ્યારે અન્ય એક બનાવમાં ગોંડલ સીટી પોલીસ ના હેડ કોન્સ્ટેબલ વાય બી ગોહિલ કોન્સ્ટેબલ ભાવેશભાઈ સહિત ના સ્ટાફે ઘોઘાવદર ચોક પાસે જાહેરમાં teen patti નો જુગાર રમતો ઋત્વિક સુરેશ વાઘેલા ઈમ્તિયાઝ હારુ ડેલા અને મનદીપ લક્ષ્મણ ગોહિલ સહિત ત્રણ શખ્સોને દબોચી લઈ રોકડા રૂપિયા ૧૦,૦૦૦ નો મુદ્દા માલ કબજે કરી ધોરણ સરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

# શહેર પોલીસની પકડથી દુર રહેલા નામચીન બુટલેગરને એસએમસીએ દબોચી લીધો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

આગામી લોકસભાની ચૂંટણી સંદર્ભે શહેર પોલીસ નાસતા ફરતા અને લીસ્ટેડ બુટલેગરોને શોધી રહી છે ત્યારે શહેરના થોરાળા પોલીસ મથકના પ્રોહીબીશનના ગુનામાં નાસતા ફરતા બુટલેગરને સ્ટેટ મોનીટરીંગ સેલે ઝડપી લેતા પોલીસની કામગીરી સામે સવાલો ઉભા થયા છે.

પોલીસ સુત્રોમાંથી મળતી વિગતો મુજબ શહેરના થોરાળા પોલીસ મથકના બે માસ પુર્વેના પ્રોહીબીશનના ગુનામાં ધવલ ઉર્ફે ધવલો હિરેનભાઈ પુજારા નામના બુટલેગરનું નામ ખુલ્યું હતું. આ લીસ્ટેડ બુટલેગર બે માસથી નાસતો ફરતો હોય તેમ છતાં ક્રાઈમ બ્રાંચ એસઓજી કે અન્ય બ્રાંચો પકડવામાં નિષ્ફળ રહી કે અન્ય કંઈ? પરંતુ આ લીસ્ટેડ બુટલેગરને સ્ટેટ મોનીટરીંગ સેલના પીએસઆઈ શર્મા અને ટીમે ઝડપી થોરાળા પોલીસને સોંપ્યો હતો.

# બીના સ્ટેશન પર મેન્ટેનન્સના કામને કારણે ઓખા-ગોરખપુર એક્સપ્રેસ ૧૨ મે સુધી રદ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

પશ્ચિમ મધ્ય રેલવેના બીના સ્ટેશન પર મેન્ટેનન્સના કામને કારણે રાજકોટ ડિવિઝનમાંથી પસાર થતી ઓખા-ગોરખપુર અને ગોરખપુર-ઓખા એક્સપ્રેસ ટ્રેનો રદ કરવામાં આવી છે. જેની વિગતો નીચે મુજબ છે.

રદ કરાયેલી ટ્રેનો:

ટ્રેન નંબર ૧૫૦૪૬ ઓખા-ગોરખપુર એક્સપ્રેસ ૦૭.૦૪.૨૦૨૪, ૧૪.૦૪.૨૦૨૪, ૨૧.૦૪.૨૦૨૪, ૨૮.૦૪.૨૦૨૪, ૦૫.૦૫.૨૦૨૪ અને ૧૨.૦૫.૨૦૨૪ ના રોજ રદ રહેશે.

ટ્રેન નંબર ૧૫૦૪૫ ગોરખપુર-ઓખા એક્સપ્રેસ ૦૪.૦૪.૨૦૨૪, ૧૧.૦૪.૨૦૨૪, ૧૮.૦૪.૨૦૨૪, ૨૫.૦૪.૨૦૨૪, ૦૨.૦૫.૨૦૨૪ અને ૦૯.૦૫.૨૦૨૪ ના રોજ રદ રહેશે.

# સરગમ ક્લબ અને મા કૃપા ફાઉન્ડેશન (લંડન) ના સયુંકત ઉપક્રમે દિવ્યાંગો માટે ત્રિ-દિવસીય જયપુર ફૂટ કેમ્પ યોજાશે

**મુખ્ય સમાચાર, રાજકોટ**

સાસ્કૃતિક,સામાજિક અને તબીબીક્ષેત્રમાં અગ્રેસર રહેનાર સરગમ ક્લબ શહેરમાં જયપુર ફૂટકેમ્પના રૂપમાં વધુ એક સેવાકેન્દ્ર ચલાવી રહેલ છે. સરગમ ક્લબ અને મા કૃપા ફાઉન્ડેશન અને કમાણી ફાઉન્ડેશનનાં સયુંકત ઉપક્રમે તા.૧/૦૪/૨૦૨૪ સોમવાર થી ૩/૦૪/૨૦૨૪ ના રોજ આ જયપુર કેમ્પ યોજાશે. કેમ્પનો લાભ લેવા ઈચ્છતા દર્દીઓએ પોતાના ફોટોવાળુ સરકાર માન્ય ઓળખપત્ર આધાર કાર્ડ અને ડોક્ટરનું વિકલાંગ સર્ટીફીકેટની ઝેરોક્ષ સાથે લાવવાની રહેશે.

સરગમ કલબના પ્રમુખ ગુણવંતભાઈ ડેલાવાળાના જણાવ્યા અનુસાર, આ કેમ્પમાં જરૂરતમંદોને વિનામૂલ્યે કૃત્રિમ પગ બેસાડવામાં આવે છે. સાથોસાથ કેલીપર્સ અને ઘોડી વગેરે વિનામૂલ્યે આપવામાં આવશે.આ કેમ્પ તા.૧/૦૪/૨૦૨૪ થી ૩/૦૪/૨૦૨૪ સુધી એપ્રિલ માસ નાં રોજ યોજાશે. જેની ખાસ નોંધ લેવી. આ કેમ્પનો લાભ લેવા ઈચ્છતા લોકોને તા ૦૧/૦૪/૨૪ સોમવાર ના રોજ સવારે ૮:૦૦ કલાકે ખાસ સરગમભવન,જામટાવરરોડ, નવી કલેકટર કચેરીની બાજુમાં, રાજકોટ. ફોન નં.૦૨૮૧-૨૪૫૭૧૬૮ ખાતે દર્દીઓએ રૂબરૂ હાજર રહેવા જણાવાયું છે. આ ઉપરાંત જે લોકો અગાઉ સાધનો લઈ ગયા છે. અને તેઓને રીપેરીંગ કરાવવાનું હોઈ તેઓએ પણ તા.૧/૦૪/૨૦૨૪ ના રોજ સવારે ૮.૦૦ ખાસ ઉપસ્થિત રહેવું.

આ કેમ્પમાં અમોને મુખ્ય સહયોગ મા કૃપા ફાઉન્ડેશન (લંડન) ટ્રસ્ટી જયંતીભાઈ ખંગ્રામ, રશ્મીભાઈ શાહ. અશોકભાઈ ડાલિયા, રમેશભાઈ પોપટ, બ્રિજેશભાઈ મોદી નો સહયોગ મળેલ છે.

આ કેમ્પની સફળતા માટે સરગમ ક્લબના પ્રમુખ ગુણવંતભાઈ ડેલાવાળા તથા કમાણી ફાઉન્ડેશનનાં માર્ગદર્શન હેઠળ સરગમ સેવા કેન્દ્રના ચેરમેન અરવિંદભાઈ પટેલ અને મા કૃપા ફાઉન્ડેશન (લંડન) ટ્રસ્ટી જયંતીભાઈ ખંગ્રામ, તથા કમાણી ફાઉન્ડેશનના દીપકભાઈ કમાણી તેમજ રશ્મીભાઈ કમાણી જહેમત ઉઠાવે રહ્યા છે.

# ચૂંટણીમાં મતદાન કવરેજ કરનારા પત્રકારોનો પોસ્ટલ બેલેટથી મતદાન કરવામાં પ્રથમવાર સમાવેશ કરતું ભારતીય ચૂંટણી પંચ

## આવશ્યક સેવાકર્મીઓને મતદાન કરવા પોસ્ટલ બેલેટની સુવિધાઃ મતદાનના દિવસે મતદાન મથકમાં મતદાન ના કરી શકનારા આવશ્યક સેવા કર્મી ''પોસ્ટલ બેલેટ''થી કરી શકશે મતદાન

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ તા.૨૭ માર્ચ- ભારતના ચૂંટણી પંચ દ્વારા ચૂંટણીઓને સર્વસમાવેશી બનાવવાના ભાગરૂપે તા.૧૯.૩૨૪ના જાહેરનામાથી વીજળી વિભાગ, બી.એસ.એન.એલ., રેલવે, દૂરદર્શન, ઑલ ઈન્ડિયા રેડિયો, ગુજરાતના આરોગ્ય વિભાગ, ઉડ્ડયન, ગુજરાત રાજ્ય પરિવહન નિગમની લાંબા અંતરની બસ સેવાઓ, અગ્નિશમન સેવાઓ, ચૂંટણીના દિવસે કવરેજ માટે ભારતના ચૂંટણી પંચ દ્વારા અધિકૃત કરવામાં આવેલા મીડિયાકર્મીઓ, ટ્રાફિક પોલીસ તથા એમ્બ્યુલન્સ સેવાઓને આવશ્યક સેવાઓ તરીકે જાહેર કરવામાં આવી છે.

આવશ્યક સેવા શ્રેણીમાં સમાવિષ્ટ આ મતદારો પોસ્ટલ બેલેટ દ્વારા મતદાન કરવા માટે પાત્ર બનશે. પોસ્ટલ બેલેટ દ્વારા મતદાન કરવા ઈચ્છતા ગેરહાજર મતદારે તમામ જરૂરી વિગતો આપીને ફોર્મ-૧૨ ડીમાં ચૂંટણી અધિકારીને અરજી કરવાની રહેશે.

એસેનસિઅલ સર્વિસ વોટર્સ કે જે ફરજના લીધે મતદાનના દિવસે તેના મતદાન મથકે જઇને મતદાન કરી શકે એમ નથી તે પોસ્ટલ બેલેટનું ફોર્મ નં.૧૨ ડી ભરીને પોસ્ટલ બેલેટથી મતદાન કરી શકશે. મતદાર પોતાના મતદાનનો ઉપયોગ કરી શકશે. જેથી મતદારો મતદાનથી વંચિત ના રહે. તથા પોસ્ટલ બેલેટથી અગાઉ જ મતદાન કરી શકે. ઇમરજન્સી અને એસેનસિઅલ સર્વિસ વોટર્સને પોસ્ટલ બેલટથી મતદાન કરાવવા સમય મર્યાદામાં ફોર્મ નં.૧૨ ડી ભરાવવામાં આવે છે.

# રાજકોટ દક્ષિણ વિધાનસભા મતવિસ્તાર અંતર્ગત પી.ડી.માલવીયા કોલેજ ખાતે ૩૫૦ પ્રિસાઈડિંગ ઓફિસરોની ચૂંટણીલક્ષી તાલીમ યોજાઈ

## ઇ.વી.એમ, વી.વી.પેટ, મોકપોલ, વેબકાસ્ટીંગ સહિતની કામગીરી વિષે વિસ્તૃત સમજણ અપાઈ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ જિલ્લામાં લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૪ અન્વયે આગામી ૭ મેના રોજ મતદાન યોજાશે. સમગ્ર ચૂંટણી પ્રક્રિયા સુચારૂરૂપે પરિપૂર્ણ કરી શકાય તે માટે જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી પ્રભવ જોશી તથા અધિક જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી એન.કે. મુછારના માર્ગદર્શન હેઠળ વિવિધ મતવિસ્તારમાં ચૂંટણી કામગીરી સાથે સંકળાયેલ સ્ટાફને તાલીમ આપવામાં આવી રહી છે. જે અંતર્ગત પી.ડી. માલવીયા કોલેજ ખાતે ૭૦ રાજકોટ દક્ષિણ વિધાનસભા



મતવિસ્તારનાં લગભગ ૪૦૨ જેટલા પ્રીસાઈડિંગ ઓફિસરોને બે તબક્કામાં માસ્ટર ટ્રેનર શ્રી અરૂણભાઇ દવે દ્વારા ઇ.વી.એમ, વી.વી.પેટ, પોસ્ટલ બેલેટ તેમજ બૂથ લેવલ સહિત સમગ્ર ચૂંટણી કામગીરી વિષે તાલીમ આપવામાં આવી હતી.

તાલીમમાં સૌપ્રથમ પ્રિસાઈડીંગ ઓફિસરોએ ભારતના ચૂંટણી પંચ દ્વારા નિર્મિત પ્રિ-ટેસ્ટ આપી હતી. પ્રિસાઈડીંગ ઓફિસરોને મતદાનના દિવસે બજાવવાની થતી ફરજ કે જેમાં મોકપોલ, વેબકાસ્ટીંગ જેવી કામગીરી માટે રાખવાની તકેદારીઓ વગેરે અંગે રાજકોટ દક્ષિણ વિધાનસભા મતવિસ્તારનાં મદદનીશ ચૂંટણી અધિકારીશ્રી ડો. સી.એમ.પરમાર દ્વારા વિસ્તૃત માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

ઉપરાંત, મામલતદારશ્રી જે.વી.કાકડીયાએ મતદાનના આગલા દિવસે કરવાની થતી પૂર્વતૈયારી અને મતદાનના દિવસે કરવાની થતી તમામ વહીવટી પ્રક્રિયાઓ વિષે ઝીણવટભરી માહિતી આપવામાં આવી હતી. તાલીમાર્થીઓને ઈ.વી.એમ. મશીનના નિદર્શન સાથે આઇ.ટી.આઈ.ના કર્મચારીઓ દ્વારા પ્રેક્ટીકલ તાલીમ અને વોટર હેલ્પલાઇન થકી કામગીરી વિશે પણ સમજણ આપવામાં આવી હતી.

# પુનિત નગરમાં માતા પુત્રીને સોનાના દાગીના આપવાની લાલચ આપી મહિલાએ કરી રૂપિયા છ લાખની ઠગાઈ

**મુખ્ય સમાચાર રાજકોટ**

શહેરના જામનગર રોડ પર બજરંગવાડી પાસે આવેલ પુનિત નગર શેરી નંબર એકમાં રહેતા અશોકભાઈ દામજીભાઈ જેઠવા નમના યુવાને ગાંધીગ્રામ પોલીસમાં ફરિયાદ નોંધાવી છે કે ઇન્દિરા સર્કલ પાસે શ્રદ્ધા હોસ્પિટલ ની બાજુમાં આવેલ દ્રષ્ટિ એપાર્ટમેન્ટ ના બીજા મળે ફ્લેટમાં રહેતી ક્રિષ્ના સમીર શાહ નામની મહિલા તેના ઘરે આવી તેની દીકરી નીતિ અને તેની પત્ની મનીષાને વિશ્વાસમાં લઈ પાંચ તોલા સોનાના દાગીના ના બદલામાં ૨૫ તોલા સોનાના દાગીના પરત આપવાની લાલચ આપી આ મહિલાએ ઇમિટેશનના ખોટા દાગીના આપી દઈ રૂપિયા ૬ લાખ ની કિંમતના દાગીના ઓડવી જઈ છેતરપિંડી કરતા ફરિયાદ નોંધાય છે બનાવના પગલે ગાંધીગ્રામ પોલીસ મથકના પી.એસ.આઇ એસબી જાડેજાએ પ્રાથમિક તપાસ હાથ ધરી છે.

# રાજકોટમાં વડીલો માટે જીવનસાથી પસંદગી સંમેલન યોજાશે

**મુખ્ય સમાચાર, રાજકોટ**

સમગ્ર ભારતભરમાં વડીલોના ૮૨ સંમેલન ની ભવ્ય સફળતા બાદ હવે રાજકોટમાં ફરીથી ઢળતી ઉંમરે એકલતા દૂર કરવા,એકબીજા નો પ્રેમ અને હૂંફ મેળવવા, પાનખરમાં વસંત લાવવાના ક્રાંતિકારી કાર્ય રૂપે, એકલવાયું જીવન જીવતા વડીલો માટે એક અનન્ય અને અનોખા જીવનસાથી પરિચય સંમેલન નું ભવ્ય આયોજન બ્રેવો ઇન્ટરનેશનલ એવોર્ડ વિજેતા, ફિલ્મ અભિનેતા આમિર ખાન ની પ્રસિદ્ધ સીરીયલ પસત્ય મેવ જયતેથ, ઝી ટીવીના ડો. સુભાષચંદ્ર શો અને સોની ટીવી ના ઇન્ડિયન આઈડલ દ્વારા સન્માનિત અમદાવાદની અનબંધ કાઉન્ડેશન સંસ્થા દ્વારા અને મહાવીર સેવા ટ્રસ્ટ -રાજકોટના સહયોગ થી ૭ એપ્રિલ- રવિવારના રોજ સવારે ૯.૦૦ કલાકે ઋષભ વાટિકા-, સી.એમ.શેઠ ફાર્મહાઉસ, કટારીયા ચોકડી, બીજો ૧૫૦ રિંગ રોડ, સેફ્રોન પાર્ટી પ્લોટ સામે, રાજકોટ મુકામે ધર્મ જ્ઞાતિ ના ભેદભાવ વિના કરવામાં આવેલ છે.

સંમેલનમાં ભાગ લેવા ઇચ્છતા ભારતભરના કોઈપણ સ્થળેથી ૪૦ થી ૮૦ વયના કુંવારા, ડિવોર્સી, વિધવા વિધુર ઉમેદવારોએ એક ફોટો, આધાર કાર્ડ / ડિવોર્સ પેપર્સ / પતિ પત્નીના મરણ સર્ટિફિકેટની ઝેરોક્ષ સાથે હાજર રહેવું. તે પહેલા નટુભાઈ પટેલ - ૮૩૨૦૩૭૨૨૬૪ / શોભનાબેન વિઠલાણી - ૯૧૦૬૪૧૪૧૩૨ / ભુપતભાઈ સોની - ૯૪૨૬૪૨૫૮૪૪ ઉપર નામ નોંધાવવું અથવા બ્લુ લેડી ઝોન, શ્રીજી કોમ્પ્લેક્સ, રૈયા ટેલિફોન એક્સચેન્જ રોડ, ગુણાતીત નગર ચોક, રવિ રત્ન મૈન રોડ,રાજકોટ મુકામે રૂબરૂ ફોર્મ ભરી જવું. દૂરથી આવનાર સ્ત્રી ઉમેદવારો માટે રાત્રી રોકાણની અને જમવાની વ્યવસ્થા ફ્રીમાં કરવામાં આવેલ છે.

# આઠ વર્ષ બાદ છોટાઉદેપુરના સંખેડા ગામેથી લુટેરી દુલ્હન ઝડપાઈ

## રાજકોટ જિલ્લા જેલમાંથી પેરોલ જંપ કરનાર પાકા કામનો કેદી ઝડપાયો

**મુખ્ય સમાચાર રાજકોટ**

લોકસભાની ચૂંટણી પૂર્વે નાસ્તા ફરતા આરોપીઓને શોધવા અંગે શહેર પોલીસ કમિશનર રાજુ ભાર્ગવ દ્વારા આપવામાં આવેલી સૂચનાના પગલે ગાંધીગ્રામ પોલીસે આઠ વર્ષથી નાસ્તથી ભરતી લૂંટેલી દુલ્હન ની ધરપકડ કરી છે જ્યારે જિલ્લા જેલમાંથી પેરોલ જમ્પ કરનાર પાકા કામના કેદીને ફ્રરલ એલસીબી ની ટીમે દબોચી લઈ જેલ હવાલે કર્યો છે. અંગેની પોલીસ માટે મળતી માહિતી મુજબ ગાંધીગ્રામ પોલીસ મથકના પી.આઈ રાઠોડ ની સૂચનાથી પીએસઆઇ



સી એચ જાદવ પીએસઆઇ બી આર ભરવાડ સહિતના સ્ટાફે નાસ્તા ફરતા આરોપીઓને શોધવા અંગે કવાયત હાથ ધરી હતી ત્યારે આઠ વર્ષથી નાસ્તથી ફરતી લુટેરી દુલ્હન છોટાઉદેપુરના સંખેડા ગામે હોવાની હકીકત મળતા પોલીસે ઉપરોક્ત એ દોડી જઈ સંગીતા ઉર્ફે ગીતા અનિલ તડવી નામની મહિલાની ધરપકડ કરી હતી આ ગુનામાં અગાઉ અનસુયા ઈશ્વર તડવી તથા મયુર ઝવેર ગોટી તથા જસી વેચ્યા તડવી અને ઈશ્વર તથા રમણ સહિતના સખશો ઝડપાયા હતા.

જ્યારે અન્ય એક ગુનામાં રાજકોટ જિલ્લા જેલમાં પાકા કામના કેદી તરીકે રહેતો અને અમરેલી જિલ્લાના ચલાલા વિસ્તારમાં ૨૫ વર્ષ પહેલા હત્યા કરવાના ગુનામાં જેલમાં સજા કાપતો ગોવિંદ ગરી સોલંકી રહે જેતપુર અમરનગર રોડ નામનો પેરોલ ની રજા પર જેલમાંથી બહાર આવી પરત હાજર નહીં થઈ પેરોલ જમ્પ કરી જતા ફ્રરલ એલસીબી ટીમ દ્વારા ઝડપી લઇ જેલમાં ધકેલી દેવામાં આવ્યો છે.

# શહેરમાં બંધ મકાનમાં ચોરી કરતી નેપાળી બેલડી ઝડપાઈ

## ક્રાઈમ બ્રાંચની ટીમે દબોચી લઈ અઢી વર્ષમાં થયેલી ૧૬ ચોરીના ભેદ ઉકેલી નાંખ્યા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરમાં ઘરફોડ ચોરીના નોંધાયેલા ગુનાઓના ભેદ ઉકેલવાની સુચના અન્વયે ક્રાઈમ બ્રાંચની ટીમે અઢી વર્ષમાં ૧૬ સ્થળે ચોરી કરનાર નેપાળી બેલડીને ઝડપી લીધી છે ચોરી કરી નેપાળ, મુંબઈ અને બેંગ્લોર મોજમજા કરવા જતા હોવાનું જાણવા મળ્યું છે.

રાજકોટ ક્રાઈમ બ્રાંચ પીઆઈ એમ આર ગોંડલીયાના માર્ગદર્શન હેઠળ પેટ્રોલીંગમાં રહેલ ટીમે બાતમી આધારે કોઠારિયા રોડ ઉપરથી તિરૂપતિ સોસાયટીમાં રહેતા મૂળ નેપાળના પ્રવીણ બસંત શાહી અને ભરત રણબહાદુર શાહીને ઝડપી લઈ ડીસમીસ, વાંદરીપાનું, રોકડ, મોબાઈલ




સહીત ૧૨,૩૦૦નો મુદ્દામાલ કબજે કર્યો હતો પીએસઆઈ એમ જે હુંણ અને ટીમની પ્રાથમિક પૂછતાછમાં છેલ્લા અઢી વર્ષમાં તેના વતનના લોકો જ્યાં ચોકીદાર તરીકે અથવા વાહન ધોવા સહિતનું કામ કરતા હોય ત્યાં મળવાના બહાને જઈ બંધ ઘર વિષે માહિતી મેળવી રાત્રે ચોરી કરતા હોવાનું અને આ પ્રકારે અઢી વર્ષમાં ૧૬ જેટલા ઘરોમાં તેના વતનના ભરત, અનીલ, બુદ્ધિ, ધીરા સહિતનાઓ સામે ચોરી કરી હોવાનું કબુલાત આપી છે હાથફેરો કરી બંને નેપાળ, મુંબઈ અને બેંગ્લોર સહીતના સ્થળોએ મોજમજા કરવા જતા હોવાનું જાણવા મળ્યુ છે આ બેલડી ઝડપાઈ જતા ૨૦૨૧ અને ૨૦૨૨માં નોંધાયેલા ચાર ગુનાના પોલીસે ભેદ ઉકેલી નાખ્યા છે.

# ગરમીના કારણે લુ લાગવાથી બચવા તેમજ તકેદારી રાખવા જામનગર આરોગ્યતંત્રની અપીલ

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર, ચાલુ વર્ષની શરૂઆતમાં જ દિવસના તાપમાનમાં વધારો જોવા મળી રહ્યો છે. ગરમીના વધારાના કારણે શરીરમાં લુ લાગવા (સનસ્ટ્રોક)ના કેસો નોંધાતા હોય છે. જેમાં સમયસરની સારવાર લેવામાં ન આવે તો તે જીવલેણ સાબિત થઈ શકે છે. લુ લાગવા (સનસ્ટ્રોક) ના કેસોમાં સામાન્ય રીતે શરીરનું તાપમાન ખૂબ વધી જાય છે. વાતાવરણનું તાપમાન ઉંચુ હોવાથી પરસેવો ખુબ વધારે થાય છે જેના કારણે શરીરનું તાપમાન ઘટી શકતું નથી. જે વ્યક્તિના આરોગ્ય ઉપર વિપરીત અસરો કરે છે. આ અસરોમાં શરીર અને હાથ પગમાં અસહ્ય દુઃખાવો, ખુબ તરસ લાગવી, ગભરામણ થવી, ચક્કર આવવા, શ્વાસ ચઢવો, હૃદયના ધબકારા વધે છે. ગ્રામ્ય અને શહેરી વિસ્તારોમાં મજુરી કરીને જીવન ગુજારતા મજુરોમાં સન સ્ટ્રોકની વધુ અસર થવાની શક્યતા છે અને ક્યારેક તે જીવલેણ પણ સાબીત થાય છે.

સન સ્ટ્રોક (લુ)થી બચવા માટે ગરમીમાં બને ત્યાં સુધી બહાર જવાનું ટાળવું.ઉનાળાની ઋતુ દરમ્યાન ખુલતા, સફેદ, સુતરાઉ કપડા પહેરવા જોઈએ. નાના બાળકો, સગર્ભા માતાઓ, વૃધ્ધો તથા અશક્ત વ્યક્તિઓએ તડકામાં ફરવું



નહી.

દિવસ દરમ્યાન પુષ્કળ પ્રમાણમાં પ્રવાહી પીવું. શક્ય હોય તો લીંબુનું શરબત બનાવીને પીવું જોઈએ. ભીના કપડાથી માથું ઢાકી રાખવું અને જરૂર જણાયે અવાર-નવાર ભીના કપડાથી શરીર લુછવું. ગરમીની ઋતુ દરમ્યાન બને ત્યાં સુધી ભુખ્યા ન રહેવું.માથાનો દુઃખાવો, બેચેની, ચક્કર, ઉબકા કે તાવ આવે તો તુર્ત જ નજીકના દવાખાના.પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર કે હોસ્પિટલમાં ડોક્ટરની સલાહ અને સારવાર લેવી. તેમ આરોગ્ય શાખાની યાદીમાં જણાવવામાં આવ્યું છે.

# લોકસભાની ચૂંટણીમાં સરળ, પારદર્શી અને ઓછી ખર્ચાળ ટેકનોલોજી એટલે ''ઈલેક્ટ્રોનિક વોટિંગ મશીન''

## રાજકોટ જિલ્લામાં ૩૬૦૨ બેલેટ યુનિટ, ૩૪૮૯ વીવીપેટ અને ૨૯૭૬ સી.યુ.ની ફાળવણી કરાશેઃ ગુજરાત રાજ્યના ૧૧ લાખથી વધુ નવા મતદારો પ્રથમ વખત ઈ.વી.એમ.નો અનુભવ મેળવશે

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ભારતમાં ચૂંટણી પંચની રચના ૨૫ જાન્યુઆરી, ૧૯૫૦ના રોજ કરવામાં આવી હતી. આ દિવસને ''રાષ્ટ્રીય મતદાતા દિવસ'' તરીકે ઉજવવામાં આવે છે. વર્ષ ૧૯૫૨માં ચૂંટણી કમિશનરશ્રી સુકુમાર સેનની અધ્યક્ષતામાં સૌપ્રથમ ચૂંટણી યોજાઈ ત્યારે મતદાન માટે મતપેટી અને બેલેટ પેપરનો ઉપયોગ કરવામાં આવતો હતો. દેશમાં સંસદીય સામાન્ય ચૂંટણી, રાજ્ય વિધાનસભાની ચૂંટણી, સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની ચૂંટણી સહિતની ચૂંટણીઓનું આયોજન કેન્દ્રીય ચૂંટણી પંચ દ્વારા કરવામાં આવે છે. સમયાંતરે ભારતની ચૂંટણી પ્રક્રિયામાં વિવિધ ફેરફારો કરવામાં આવ્યા હતા. ચૂંટણી પ્રક્રિયામાં મતદાન માટે મુક્ત સરળ, પારદર્શી અને ઓછી ખર્ચાળ ટેકનોલોજી તરીકે ''ઈલેક્ટ્રોનિક વોટિંગ મશીન ''નો ઉપયોગ કરવામાં આવે છે.





વર્ષ ૨૦૨૪ની લોકસભાની ચૂંટણીનિ વાત કરીએ તો, ગુજરાત રાજ્યમાં ચાર કરોડથી વધુ મતદારો છે, જેમાં ૧૧ લાખથી વધુ નવા મતદારો પ્રથમ વખત ઈ.વી.એમ.નો અનુભવ મેળવશે અને ગુજરાતમાં ૨૯,૦૦૦થી વધુ પોલિંગ સ્ટેશનમાં ૮૭ હજારથી વધુ બેલેટ યુનિટ અને ૭૧ હજારથી વધુ કંટ્રોલ યુનિટથી મતદાન કરવામાં આવશે. રાજકોટમાં બેલેટ યુનિટની સંખ્યા ૩૬૦૨, સી.યુ. ૨૯૭૬ અને વી.વી.પેટની સંખ્યા ૩૪૮૯ છે. વિધાનસભા દીઠ બી.યુ. ૧૦, સી.યુ. ૧૦ અને વી.વી.પેટ ૧૦ તાલીમ અને નિદર્શન માટે ફાળવવામાં આવે છે.

ઈલેક્ટ્રોનિક વોટિંગ મશીન(ઈ.વી.એમ.)ની વિગતવાર વાત કરીએ તો આ મશીનનો ઉપયોગ મત રેકોર્ડ કરવા અને કાગળનો વપરાશ ઘટાડવા માટે કરવામાં આવે છે. ભારતમાં બેંગલુરુ સ્થિત ભારત ઈલેક્ટ્રોનિક્સ લિમિટેડ અને હૈદરાબાદ સ્થિત ઈલેક્ટ્રોનિક્સ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા લિમિટેડ ઈ.વી.એમ. બનાવવાનું કામ કરે છે. કંટ્રોલ યુનિટ, બેલેટ યુનિટ અને વોટર વેરીફાઈડ પેપર ઓડીટ ટ્રેલ (વી.વી.પેટ) ત્રણ એકમો સાથે ઈ.વી.એમ. સંકળાયેલા હોય છે. વી.વી.પેટ સાથે પ્રિન્ટર ડિવાઈસ અને સ્ટેટ્સ ડિસ્પ્લે યુનિટનો સમાવેશ થાય છે.

સ્ટેટ્સ ડિસ્પ્લે યુનિટ અને બેલેટ યુનિટ વી.વી.પેટ સાથે અને વી.વી.પેટને કંટ્રોલ યુનિટ સાથે કેબલના માધ્યમથી જોડવામાં આવે છે. સ્ટેટ્સ ડિસ્પ્લે યુનિટ અને કંટ્રોલ યુનિટ પ્રિસાઈડીંગ ઓફિસર અથવા પોલિંગ ઓફિસર પાસે મૂકવામાં આવે છે. બેલેટ યુનિટ અને પ્રિન્ટર ડિવાઈસ વોટિંગ કમ્પાર્ટમેન્ટમાં મૂકવામાં આવે છે.

આ પ્રક્રિયા બાદ મતદાર બેલેટ યુનિટમાં હાજર ઉમેદવારના ચૂંટણી ચિન્હની સામે વાદળી બટન દબાવીને મતદાન કરે છે. બેલેટ યુનિટમાં નોટા સહીત ૧૬ ઉમેદવારોના ચૂંટણી ચિન્હોનો સમાવેશ થઇ શકે છે. આમ, ચાર બેલેટ યુનિટથી કુલ ૬૪ ઉમેદવારોના ચિન્હોનો સમાવેશ કરી શકાય છે.

ઈ.વી.એમ. સામાન્ય બેટરી પર ચાલે છે, જેને વીજળીની જરૂર પડતી નથી. જયારે ઈ.વી.એમ.કામ કરવાનું બંધ કરી દે ત્યારે નવા ઈ.વી.એમ. સાથે બદલવામાં આવે ત્યાં સુધી કંટ્રોલ યુનિટની મેમરીમાં મત સુરક્ષિત રહે છે. જ્યાં સુધી ડેટા ડિલીટ અથવા ક્લિયર ન થાય ત્યાં સુધી કંટ્રોલ યુનિટ પરિણામને તેની મેમરીમાં સ્ટોર કરી શકે છે. આ ઈલેક્ટ્રોનિક વોટિંગ મશીનનો સૌપ્રથમ ઉપયોગ વર્ષ ૧૯૮૨માં કેરળ વિધાનસભા ચૂંટણી માટે કરાયો હતો. આ ઇ.વી.એમ.ના સ્ક્રીન પર દેખાતા પોતાની પસંદગીના ઉમેદવારના ચૂંટણી ચિહ્નની સામેનું વાદળી બટન દબાવીને મતદાર પોતાનો મત આપી શકે છે. ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ થયા બાદ મતવિસ્તાર માટે બનાવેલા સ્ટ્રોંગ રૂમમાં ઈ.વી.એમ. જમા કરવામાં આવે છે. જે દરેક સ્ટ્રોંગ રૂમની જવાબદારી રિટર્નિંગ ઓફિસરને સોંપવામાં આવે છે, જે મતગણતરી શરૂ કરતા પહેલા ઉમેદવાર અથવા તેના પ્રતિનિધિની હાજરીમાં ઈ.વી.એમ.નું સીલ ખોલે છે. જે હોલમાં મત ગણતરી થાય છે ત્યાં ઉમેદવારો તેમના કાઉન્ટિંગ એજન્ટો અને ચૂંટણી એજન્ટો સાથે પ્રક્રિયા પૂર્ણ ન થાય ત્યાં સુધી હોલમાં હાજર રહે છે. મત ગણતરી થયા બાદ તમામ ડેટા કંટ્રોલ યુનિટ મેમરી સિસ્ટમમાં સેવ થાય છે. આ ડેટા ડિલીટ ન થાય ત્યાં સુધી કંટ્રોલ યુનિટમાં સાચવવામાં આવે છે.

વિશ્વની સૌથી મોટી લોકશાહીની ચૂંટણી પ્રક્રિયામાં ઈલેક્ટ્રોનિક વોટિંગ મશીનનો ઉપયોગ આ સ્થિતિમાં ચોક્કસ એકમાત્ર અને અનન્ય વિકલ્પ કહી શકાય.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

# રાજકોટમાં આંગળિયાત પુત્રી પર દુષ્કર્મ આચરી ગર્ભ રાખી દેનાર સાવકા પિતાનો નિર્દોષ છુટકારો

## ભોગ બનનાર આંગળિયાત પુત્રીની જુબાનીના આધારે આરોપીને શંકાનો લાભ આપી કોર્ટે છોડી મુકવા હુકમ કર્યો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટમાં સગીર વયની આંગળિયાત પુત્રી ઉપર દુષ્કર્મ આચારીને ગર્ભ રાખી દેવાના ગુનામાં સંડોવાયેલા સાવકા પિતાને શંકાનો લાભ આપી છોડી મૂકવા કોર્ટે હુકમ કર્યો છે.


આ કેસની હકીકત મુજબ રાજકોટમાં નેપાળી મહિલાએ કરેલા પુનર્લગ્નમાં સાથે આવેલી સગીર વયની આંગળિયાત પુત્રી ઉપર સાવકા પિતા જેરામ બુજાવન ચૌધરીએ દુષ્કર્મ આચરી ગર્ભ રાખી દીધો હતો. આ અંગે આરોપી સામે બાળકો સામે થતા જાતિય શોષણ સામે બાળકોને રક્ષણ બાબતેના, તથા બળાત્કાર સહિતના કલમો હેઠળ મહિલા પોલીસ મથકમાં ગુનો નોંધાયો હતો. જે બાબતે તપાસ કરનાર અધિકારીએ પીડિતાના અધુરા માસે ભ્રૂણના બાળકના ડી.એન.એ. સહિતના પુરાવા એકત્ર કરી આરોપી સામે ચાર્જશીટ કર્યુ હતું. આ ચાલવા ઉપર આવતા ફરિયાદી અને ભોગબનનારે કેસને લેશમાત્ર સમર્થન આપેલ નથી. ઉપરાંત આરોપીના એડવોકેટ દ્વારા કરવામાં આવેલ દલીલ કે જયારે ભોગબનનાર કે ફરિયાદી પોતાની કોર્ટ સમક્ષની જુબાનીમાં કેસને સમર્થન આપેલ ન હોય જેથી અન્ય પુરાવા જેવા કે ડી.એન.એ. તથા અન્ય મેડિકલ પુરાવા સમર્થનકારી પુરાવાના અભાવે માન્ય ગણી શકાય નહીં, જે ધ્યાને લઈ ડિસ્ટ્રિક્ટ એન્ડ સેશન્સ કોર્ટ દ્વારા આરોપીને નિર્દોષ મુક્ત કરવા હુકમ કર્યો હતો.

આ કેસમાં આરોપી વતી એડવોકેટ મેઘાવી જે. ગજજર, સહાયક એકતા સોની, રોશની પાલ અને મેહ્રૂન ચાનીયા રોકાયા હતા.

# વાંકાનેરના દીઘલીયા ગામે સગીરાને મોતને ઘાટ ઉતારનાર પિતાની અટકાયતઃ માતા અને બહેનને પકડવા તજવીજ શરૂ

**મુખ્ય સમાચાર, વાંકાનેર**

વાંકાનેરના દીઘલીયા ગામે રહેતી ૧૬ વર્ષીય સગીરાને પ્રેમી સાથે પ્રેમ સંબંધ રાખવાની ના પાડી હોય તેમ છતાં પ્રેમી સાથે પ્રેમ સંબંધ ચાલુ રાખતા સમાજમાં આબરૂ જવાની બીકમાં તેના માતાપિતા તથા મોટી બહેને ઓશીકાથી મોઢે ડૂમો દઈ હાથથી તથા દુપટ્ટાથી ગળે ટૂંપો દઈ મોત નિપજાવ્યું હતું. હત્યાના આ બનાવમાં સમગ્ર વાંકાનેર પંથકમાં ચકચાર મચી ગયો છે. ત્યારે ચકચારી હત્યાના કેસમાં મૃતક સગીરાના કૌંટુબીક કાકા દ્વારા પોલીસ મથકમાં હત્યારા માતા-પિતા અને બહેન વિરુદ્ધ ફરિયાદ નોંધાવતા પોલીસે ત્રણેય આરોપીઓ વિરુદ્ધ હત્યાની કલમ હેઠળ ગુનો નોંધી



આગળની તપાસ હાથ ધરી છે.

આ ચકચારી હત્યા કેસની વિગત અનુસાર ગત તા. ૨૬ માર્ચ ની રાત્રીએ વાંકાનેર તાલુકાના દીઘલીયા ગામમાં રહેતી રીંકલ મહેશભાઇ ગોંડલીયા નામની ૧૬ વર્ષીય સગીરાનું શંકાસ્પદ હાલતમાં મોત નીપજ્યું હતું. મૃતક સગીરાના માતા પિતાએ તબીબ સમક્ષ મોતનું કારણ હાર્ટ એટેક હોવાનું જણાવ્યું હતું. ત્યારે ડોક્ટરને સગીરાનું મોત શંકાસ્પદ લાગતા મૃતદેહને રાજકોટ સિવીલ હોસ્પિટલમાં પોસ્ટમોર્ટમ અર્થે ખસેડવામાં આવ્યો હતો. જેમાં મોતનું કારણ ગળાફાસો હોવાનું ખુલ્યું હતું.સગીરાના મૃતદેહને રાજકોટ ફોરેન્સિક પોસ્ટમોર્ટમમાં મોકલ્યાના બીજે દિવસે મૃતક સગીરાના માતાપિતાના ઘરે તેમના કુટુંબીજનો તથા સગાવ્હાલા ગયા હોય ત્યારે મૃતક સગીરાના મૃત્યુ અંગે વાત કરતા પૂછ્યું કે મૃતકને કઈ નથી થયું તો તેની લાશને ડોક્ટરે પીએમ માટે કેમ રાજકોટ મોકલી ત્યારે મૃતક સગીરાના માતા-પિતા એકદમ ગભરાઈ ગયા અને જવાબ આપી શક્યા ન હતા ત્યારે પોલીસે આરોપી પોતાની પૂછો પરછ કરતા ભાંગી પડ્યો હતો અને જણાવ્યું હતું કે તેની મૃતક દીકરી રિંકલને બામણબોર રહેતા પરિણીત રાહુલ મુકેશભાઈ કાપડિયા નામના યુવક સાથે પ્રેમસંબંધ હોય જે પ્રેમસંબંધના કારણે મૃતક રિંકલની મોટી બહેન હિરલબેનની નણંદ સાથે મૃતક યુવતીના પ્રેમી યુવકના છૂટાછેડા થયા હતા જેથી મૃતક રિંકલને રાહુલ સાથે પ્રેમસંબંધ રાખવાની માતાપિતા દ્વારા ના પાડી સમજાવી હતી કે તારા કારણે ભવિષ્યમાં તારી મોટી બહેનના છુટાછેડા થશે.ઘણું સમજાવી છતાંય મૃતક રિંકલ ગત.૨૬/૦૩ના રોજ રાત્રીના ૧ વાગ્યાની આસપાસ પ્રેમી સાથે મોબાઈલમાં વાત કરતી હોય ત્યારે મૃતક રિંકલને તેની માતા દ્વારા પકડી પાડવામાં આવી હતી ત્યારે તેની માતાએ તેનો મોબાઇલ લઇ સીમકાર્ડ કાઢીને ફેંકી દીધું હતું. ત્યારબાદ રાત્રીના ત્રણ-સાડાત્રણની આસપાસ રિંકલના માતા-પિતા તથા બહેન દ્વારા રિંકલના હાથ પગ પકડી તેને ઓશીકા વડે તેમજ હાથથી અને દુપટ્ટાથી ગળેફાસો દઈ મોતને ઘાટ ઉતારી દીધાનું જણાવ્યુ હતું.


સગીરાની હત્યા કર્યાનું તેના માતા પિતા દ્વારા જણાવતા દીઘલીયા ગામમાં જ રહેતા કુટુંબીક ભાઈ દિનેશભાઇ ગૌરીદાસ ગોંડલીયા દ્વારા વાંકાનેર તાલુકા પોલીસ મથકમાં આરોપી સુરેખાબેન મહેશભાઈ ગોંડલીયા(માતા), મહેશભાઈ રવીરામભાઈ ગોંડલીયા(પિતા)તથા હિરલબેન મહેશભાઈ ગોંડલીયા(બહેન) વિરુદ્ધ હત્યા અંગેની ફરિયાદ નોંધાવતા હાલ પોલીસે ત્રણ આરોપીઓ સામે હત્યાની કલમ હેઠળ ગુનો નોંધી આરોપી પિતા મહેશ ગોંડલિયા ની અટકાયત કરી છે તેમજ આરોપી માતા અને બહેનની અટકાયત કરવા તજવીજ હાથ ધરી છે.

# રાજકોટ સહિત અનેક શહેરોમાં બસ સ્ટેન્ડ પર મુસાફરોના મોબાઈલ ચોરી કરતો તસ્કર ઝડપાયો

## એ.ડિવિઝન પોલીસે રૂા.૧.૬૬ લાખની કિંમતના 30 મોબાઈલ કબ્જે કર્યાઃ ચોરાઉ મોબાઈલ પરત આપવાના રૂા.૨ હજારની માલિક પાસે તસ્કર માંગણી કરતો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ, જુનાગઢ, ગોંડલ અને જેતપુરમાં બસ સ્ટેન્ડ પરથી મુસાફરોની નજર ચૂકવી તેમનો મોબાઈલ શેરવી પરત આપવાનું કહી રૂ.૨ હજારની માગણી કરી નવી જ એમોથી ચોરીને અંજામ આપતા કેશોદના મેસવાણ ગામના વિક્રમ ઉર્ફ ઇટલીની એ-ડિવિઝન પોલીસે ધરપકડ કરી તેનીં પાસેથી કુલ ૩૦ મોબાઈલ કબ્જે કરી રૂ.૧.૬૬ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો છે.





આ અંગેની માહિતી મુજબ એ-ડિવીઝન પોલીસ સ્ટેશનના પીઆઈ આર. જી. બારોટની રાહબદારીમાં એએસઆઈ એમ. વી. લુવા, હેડકોન્સ અજયભાઈ બસીયા અને કોન્સ. રમેશભાઈ માલકીયાને મળેલી બાતમી આધારે રાજકોટ બસ સ્ટેન્ડ પાસેથી મેસવાણ ગામના વિક્રમ ઉર્ફ ઇટલી મનુભાઈ મક્કા (ઉ.વ.૩૬)ને પકડી લઈ રૂા. ૧,૬૬,૦૦૦ના ૨૯ મોબાઇલ ફોન કબ્જે કર્યા છે. જ્યારે તસ્કરની ચોરી કરવાની એમો વિશે પોલીસે માહિતી આપતા જણાવ્યું હતું કે, ચોરી કર્યા પછી વળી આ શખ્સ જે તે મોબાઇલ ફોનના માલિકને વ્હોટ્સએપ કોલ કરીને કહેતો કે જો તમારો મોબાઇલ ફોન પાછો જોઈતો હોય તો મને રૂા. ૧૫૦૦ કે ૨૦૦૦ ગૂગલ પેથી ટ્રાન્સફર કરી દો... જો મોબાઈલ ફોનના માલિક જે તે નંબર પર ગૂગલ પેથી રકમ મોકલી દે તો આ તસ્કર મોબાઇલ ફોનના માલિક જ્યાં હોય તેનાથી નજીકની દૂકાને ફોન પરત પણ મુકી દેતો હતો! અગાઉ આ તસ્કર રાજકોટ, જુનાગઢના પાંચ ગુનાઓમાં પકડાયો હતો.

# શાપર માંથી બાઈક ચોરી કરનાર તસ્કર વડવાજડી ગામ પાસેથી ઝડપાયો

**મુખ્ય સમાચાર રાજકોટ**

રાજકોટ શહેર અને ગ્રામ્યમાં વાહન ચોરીના બનાવો નું પ્રમાણ વધતાં રૂરલ એલસીબી ના પીઆઇ વીવી વડોદરા ની સૂચનાથી પી એસ આઇ એસ સી ગોહિલ એસ આઈ રવિદેવભાઈ બારોટ સહિત નો સ્ટાફ લોધિકા તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા ત્યારે વડ વાદળી પાસે આવેલ ફોનિક્સ હોટલ પાસેથી એક શખ્સને શંકાસ્પદ રીતે



બાઈક પરથી પસાર થતા અટકાવી પૂછપરછ કરતા આશક નું નામ અજય લવકુશ પ્રસાદ રામગોપાલ ત્રિવેદી હોવાનું અને મૂળ વતન એમપી નો હોવાનું જણાવ્યું હતું તેની પાસે રહેલ બાઈક અંગે પોલીસે તપાસ કરતા આ બાઈક સાપર વેરાવળ માંથી ચોરી થયું હોવાનું માલુમ પડતા પોલીસે અજય ત્રિવેદી નમના પર પ્રાંતિય સક્ષની ધડ પકડ કરી ₹૫૦,૦૦૦ નું બાઈક કબજે કર્યું હતું.

# તિરુપતિ પાર્કના પ્રોઢે કોટડા નાયાણી ગામની વાડીએ કર્યો આપઘાત

## કોઠારીયા રોડ પર બ્રહ્માણી હોલ પાસે આઈસરની ઠોકરે બાઈક સવાર પ્રોઢનું મોત

**મુખ્ય સમાચાર રાજકોટ**

શહેરના ગ્રીનલેન્ડ ચોકડી પાસે તિરૂપતિ પાર્ક માં રહેતા આધેડે કોટડા નાયાણી ગામે પોતાની વાડીએ આપઘાત કરી લેતા અરેરાટી પ્રસરી જવા પામી છે બનાવના પગલે પોલીસે પ્રાથમિક તપાસ શરૂ કરી છે.



અંગેની માહિતી મુજબ ગ્રીનલેન્ડ ચોકડી પાસે આવેલી તિરૂપતિ પાર્ક શેરી નંબર ૨ માં રહેતા સુરેશભાઈ મોહનભાઈ લીમ્બાચીયા ગઈકાલે પોતે કોટડા નાયાણી ગામે પોતાની વાડીએ હતા ત્યારે કોઈ કારણોસર સાંજના સમયે ઝાડ સાથે દોડું બાંધી આપઘાત કરી લીધો હતો બનાવનાર પગલી પોલીસને જાણ કરવામાં આવતા પોલીસ કાફલો ઘટના સ્થળે દોડી જઈ લાશને પીએમ અર્થે રાજકોટ સરકારી હોસ્પિટલે ખસેડવામાં આવી હતી.

જ્યારે બીજા એક બનાવવામાં સહકાર મેન રોડ પર આવેલ ખોડીયાર સોસાયટી શેરી નંબર ૪ માં રહેતા રાજુભાઈ ભીખુભાઈ સી સાંગિયા નામના આધેડ પોતાનું બાઈક લઇ કોઠારીયા રોડ પર રાત્રિના દસ વાગ્યે જતા હતા ત્યારે બ્રહ્માણી હોલ પાસે પહોંચતા પુરપાટ ઝડપે આવતા આઇસર ના ચાલકે ઠોકરે ચડાવતા ગંભીર ઈજા થતા મોત નીપજ્યું હતું બનાવો ન પગલે આજીડેમ પોલીસે પ્રાથમિક તપાસ હાથ ધરી હતી

# કાલાવડ રોડ પર ફાર્મ હાઉસમાં ક્રિકેટનો સટ્ટો રમતા મુંબઈના બુકી સહિત બેની ધરપકડ

## ક્રાઈમ બ્રાંચની ટીમે બાતમીના આધારે દરોડો પાડી રૂા.૫.૭૩ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરમાં આઈપીએલ ક્રિકેટની સિઝન શરૂ થતા સટ્ટો રમાડતા બુકીઓ સક્રીય થતા પોલીસ પણ એકશનમાં આવી હોય તેમ કણકોટ ગામની સીમમાં આવેલા ફાર્મ હાઉસમાં ક્રિકેટ સટ્ટો રમાડતો મુંબઈના બુકી સહીત બે શખસોને ક્રાઈમ બ્રાંચે ઝડપી લઈ તેની પાસેથી રોકડ,કાર મોબાઈલ સહીત રૂ.૫.૭૩ લાખની મતા કબ્જે કરી વધુ એક શખસનુ નામ ખુલતા તેની શોધખોળ કરી વધુ આ સટ્ટામાં કેટલાક શખસોની સંડોવણી છે? તેની શોધખોળ કરી હતી રાજકોટ નજીક કણકોટ ગામની સીમમાં આવેલા ન્યારી ડેમ પાસેના ગીરધરભાઈ પટેલના ફાર્મ હાઉસમાં ક્રિકેટ સટ્ટો ચાલતો હોવાની માહીતીને આધારે પીએસઆઈ સાકરીયા સહિતના સ્ટાફે દરોડો પાડતા આઈપીએલ ૨૦૨૪ માં હૈદરાબાદ સન રાઈઝીસ-મુંબઈ ઈન્ડીયન વચ્ચેના ૨૦-૨૦ મેચમાં ક્રિકેટ સટ્ટો રમાડતો શખની અટકાયત કરી તેની પુછતાછ કરતા તે મુંબઈમા મીરા રોડ પર રહેતો ભાવેશ વિઠ્ઠલભાલ ઉપાધ્યાય અને રાજકોટમાં એરપોર્ટ રોડ પર રહેતો ચિરાગ હસમુખભાઈ વણજારાની ધરપકડ કરી તેની પાસેથી રૂ.૧૨ હજારની રોકડ, ત્રણ મોબાઈલ,લેપટોપ, કાર, ટીવી, સહીત રૂ.૫.૭૩ લાખની મતા કબ્જે કરી વધુ પુછતાછ કરતા ચિરાગ કસ્ટમરો લવાતો હોવાનુ અને વધુ એક મીત સોમૈયા નામના શખસનુ નામ ખુલતા તેની શોધખોળ કરી વધુ કાર્યવાહી કરી હતી.

# દુધ સાગર રોડ પર ૧૨ પાસ બોગસ તબીબ બીજીવાર ઝડપાયો

## એસઓજીની ટીમે દરોડો પાડી રૂા.૧૩૧૯૭નો મુદ્દામાલ કબ્જે કર્યો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટમાં લોકોના આરોગ્ય સાથે ચેડા કરતા મુન્નાભાઈ તબીબો ઉપર ખાસ વોચ રાખવાની સુચના અન્વયે એસઓજીની ટીમે દૂધસાગર રોડ ઉપર દરોડો પાડી કોલેજનું પગથીયુ પણ નહી ચડેલા અને લાંબા સમયથી ક્લિનિક ચલાવતા ૧૨ પાસ બોગસ તબીબને બીજીવાર ઝડપી લઈ ૧૩,૧૯૭નો મુદામાલ કબ્જે કર્યો છે રાજકોટ શહેર એસઓજી પીએસઆઈ ડી પી ગોહેલ અને ટીમ અસરકારક કામગીરી સંદર્ભે પેટ્રોલીંગમાં હતી દરમીયાન સ્ટાફના એએસઆઈ ફિરોજભાઈ શેખ સહિતનાને મળેલી બાતમી આધારે સામા કાંઠે દૂધસાગર રોડ ઉપર સીદીકી મસ્જીદવાળી શેરીમાં ભગવતી સોસાયટી શેરી નંબર ૪ના ખૂણે આવેલ કલીનીકમાં દરોડો પાડ્યો હતો દરોડા દરમિયાન એક શખસ મળી લોકોની સારવાર કરતો મળી આવતા નામઠામ પૂછતાં પોતે જામનગર રોડ રાજીવનગરમાં રહેતા મહમદ ફારુક જાનમામદભાઈ બલોચ ઉ.૫૩ હોવાનું જણાવતા તેની પાસે તબીબી પ્રેક્ટીસ અંગે સર્ટીફિકેટ માંગતા તેની પાસે કોઈ સર્ટી ન હોય બોગસ તબીબની ધરપકડ કરી દવા, ઈન્જેકશન, સ્ટેથોસ્કોપ સહીત ૧૩,૧૯૭ની મતા કબજે કરી હતી પ્રાથમિક પૂછતાછમાં પોતે ૧૨ ધોરણ સુધીનો અભ્યાસ કર્યા બાદ કોઈપણ અનુભવ વીના સીધી જ પ્રેકટીસ ચાલુ કરી દીધી હતી અગાઉ પણ એક વખત પોલીસ ચોપડે ચડી ચુક્યો હોવાનું જાણવા મળ્યું છે આ વિસ્તારમાં લાંબા સમયથી ક્લિનિક ચલાવતો હોવાની કબૂલાત આપી છે.

# પુજારા પ્લોટમાં પુત્રના આપઘાત બાદ માતાએ ફાંસો ખાતા સારવારમાં ખસેડાયા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના પુજારા પ્લોટમાં ગત મંગળવારે રાત્રે ધોરણ ૧૨ની પરીક્ષા આપનાર વિદ્યાર્થીએ ગળાફાંસો ખાઈ આપઘાત કરી લેતા એકના એક પૂત્રના મૃત્યુથી માતા-પિતા સહિતનો પરિવાર ભાંગી પડ્યો છે ત્યારે પૂત્રના વિયોગમાં માતાએ સવારે ફાંસો ખાઈ આપઘાતની પ્રયાસ કરતા પરિવારજનોએ હોસ્પીટલમાં ખસેડાયા છે. પુજારા પ્લોટમાં પ્રેસિયસ એપાર્ટમેન્ટમાં રહેતા સુરજ મનીષભાઈ જોષી ઉ.૨૦ નામના યુવાને ગત મંગળવારે ધોરણ ૧૨ કોમર્સની પરીક્ષાનું અંતિમ પેપર આપ્યા બાદ રાત્રે ફાંસો ખાઈ આપઘાત કરી લેતા ભક્તિનગર પોલીસ મથકનો સ્ટાફ દોડી ગયો હતો જો કે આપઘાતનું કારણ બહાર નહિ આવતા સંભવિત પેપર નબળા ગયા હોવાથી આ પગલું ભર્યું હોવાની શંકાએ તપાસ યથાવત રાખી હતી એકના એક પૂત્રના મોતથી દંપતી સહિતનો પરિવાર શોકમાં ગરકાવ થઇ ગયો છે ત્યારે પૂત્રના વિરહમાં માતા દિવ્યાબેન મનીષભાઈ જોષી ઉ.૪૨એ સવારે પંખામાં ચુંદડી બાંધી ફાંસો ખાઈ આપઘાતનો પ્રયાસ કરતા તેમના બહેન જોઈ જતા દેકારો કરતા પરિવારજનો એકઠા થઇ ગયા હતા અને નીચે ઉતારી સારવાર અર્થે ખાનગી હોસ્પીટલમાં ખસેડાયા હતા.

# વડીલો પાર્જીત જમીનના વિવાદમાં ન્યાય નહી મળતા ખેડૂતનો કલેકટર કચેરીમાં આપઘાતનો પ્રયાસ

**મુખ્ય સમાચાર, ભાવનગર**

ભાવનગર જિલ્લાના તળાજાના રાળગોન ગામના ખેડૂતે કલેકટર કચેરીમાં જ ઝેરના પારખા કરતા ભારે ચકચાર જાગી છે. ખેડૂતને તાત્કાલિક સર ટી. હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા, જ્યા તેની સ્થિતિ ગંભીર હોવાનું સૂત્રોએ જણાવ્યુ હતુ. ભાઈ ભાગમાં જમીનમાં રસ્તા મામલે છેલ્લા ઘણા સમયથી વિવાદ ચાલતો હોવાથી ન્યાય માટે આ પગલુ ભર્યુ હોવાનું જાણવા મળેલ છે.

તળાજા તાલુકાના રાળગોન ગામના ખેડૂત બાબુભાઈ કાળુભાઈ વળીયા (ઉ.૬૨) આજે કલેકટર કચેરીમાં તેની જમીનમાં મોટા ભાઈ સાથે ચાલવાના રસ્તા બાબતે ઘણા સમયથી વિવાદ ચાલી રહ્યો છે, જેનો ન્યાય મળતો નહિ હોવાનુ તેમજ માનસિક ત્રાસ અપાતો હોવાથી આ મામલે યોગ્ય કાર્યવાહી કરવાની રજૂઆત કરવા આવ્યા હતા, દરમિયાનમાં તેઓએ કચેરીમાં જ સાથે લાવેલા ઝેરી દવા ગટગટાવી લીધી હતી, જેથી તુરંત તેઓને સર ટી. હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. જ્યા તેઓની સ્થિતિ ગંભીર હોવાનુ જાણવા મળેલ છે,

તેઓ હાલમાં આઈસીયુ વોર્ડમાં સારવાર લઈ રહ્યા છે. ભોગગ્રસ્તના પુત્ર પંકજભાઈ બાબુભાઈએ હાલ ભાવનગરના ટોપ થી સિનેમા પાસે રહે છે અને કમ્પ્યૂટર, સીસીટીવી કેમેરાના વ્યવસાય સાથે સંકળેલા છે, બાબુભાઈએ તેના દિકરા પંકજભાઈને કોલ કરીને ભાવનગર કલેકટરમાં રજુઆત કરવા જવાનું કહીંને ભાવનગર આવ્યા હતા, જ્યા પિતા પુત્ર બંને કલેકટર કચેરી ખાતે ગયા હતા અને આકરુ પગલુ ભરી લેતા પરિવારજનો ચિંતામાં મુકાઈ ગયા હતા. પોલીસ તંત્ર પણ દોડી ગયુ હતું અને ખેડૂતને સારવાર આપવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. પુત્ર પંકજે જણાવ્યું હતુ કે, મારા પિતા સહિત છ ભાઈઓ છે, જેમાંથી મારા પિતા જે ખેતી કરે છે તે ખેતરમાંથી મારા દાદા વનમાળીભાઈ રસ્તા આપવાનું કહે છે, આ મામલે કોર્ટમાં કેસ થયો હતો, મામલતદારને, કલેકટરને ફરિયાદો કરી હતી, પણ રસ્તા બાબતે કોઈ આધાર પુરાવા નથી છતા રસ્તો આપવાનું કહે છે, એટલે મારા પિતાએ આ પગલુ ભર્યુ છે. હાલમાં હોસ્પિટલમાં સારવાર લઈ રહ્યા છે.

# સિવિલ હોસ્પિટલમાંથી ગુમ થયેલા રૂા.૧૦ લાખના સાધનોના બે વર્ષથી પત્તો જ નથી મળતો

## મેડિકલ કોલેજના ડીનને સાધનોનો કબ્જો આપવા લેખિત ફરિયાદ કરતા ચકચાર

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટના ચૌધરી હાઈસ્કૂલના મેદાનમાં કોરના વખતે બનાવવામાં આવેલી મુવેબલ હોસ્પિટલમાં કેટલાક સાધનો ગાયબ થયાની શાહી હજૂ સુકાઈ નથી ત્યાં તત્કાલીન તબીબી અધિક્ષકને ફાળવવામાં આવેલ ઈએનટી વિભાગની ઓપીડી માટેના ૧૦ લાખથી વધુની કિંમતના સાધનોનો બે વર્ષથી કોઈ અતોપતો નહી હોવાથી મેડીકલ કોલેજના ડીનને આ સાધનોનો કબ્જો આપવા લેખિતમાં ફરિયાદ થતાં ચકચાર મચી જવા પામી છે.



સૌરાષ્ટ્રની સૌથી મોટી રાજકોટની સિવીલ હોસ્પિટલમાં વિવાદ સામાન્ય બની ગયો હોય તેમ તાજેતરમાં અધિક કલેક્ટર દ્વારા કરવામાં આવેલા ચેકીંગમાં હોસ્પિટલની લાલીયાવાડી પકડવામાં આવી હતી. આ મામલે તબીબી અધિક્ષકને રૂબરૂ ખૂલાસો પૂછવામાં આવ્યો છે. ત્યારે આ પ્રકરણ ટાઢું થાય ત્યાં બે વર્ષ પહેલા તત્કાલીન અધિક્ષક ડો. મનીષ મહેતાને ફાળવવામાં આવેલા કિંમતી સાધનો નહી હોવાનું માલુમ પડતા તપાસ શરૂ કરવામાં આવી છે.

હોસ્પિટલના સુત્રોએ જણાવ્યું હતું કે, ઈએનટી વિભાગના તત્કાલીન વડા ડો. મનીષ મહેતાને ઓપીડીમાં ઉપયોગમાં લેવાતા ડીજીટલ કેમેરો, કોમ્પ્યુટર, સ્કેનર, બે લેપટોપ, બે લેપટોપ પ્રિન્ટર, બે એક્રેલીક સી.ડી. બોકસ, બે હોપ કીંગ ટેલિસ્કોપ, બે વીડીયો ઓટોસ્કોપ ફાળવવામાં આવ્યા હતા. બાદમાં તબીબી અધિક્ષકની બદલી થતા આ સાધનો હોસ્પિટલમાં જમા કરવાના બદલે તેઓએ પોતાની પાસે રાખ્યા હોવાનું જાણવા મળ્યું છે. આ તમામ સાધોનોની કિંમત ૧૦ લાખથી વધુની થાય છે. દરમિયાન તાજેતરમાં આ કિંમતી સાધનો જમા લેવાની તજવીજ શરૂ કરવામાં આવતા એકેય સાધનો નહી હોવાથી તત્કાલીન અધિક્ષક પાસેથી સાધનો અંગે પૂછાણ કરવામાં આવ્યું હતું ત્યારે તબીબે આવા કોઈ સાધન પોતાની પાસે નહી પણ પોતાના લાયબ્રેરીમાં આવેલ કબાટમાં હોવાનો ઘટસ્ફોટ થયો છે. જો કે આ કબાટની ચાવી તબીબ પાસે છે અને તેઓએ નિયમ મુજબ સરકારી સાધનો હોસ્પિટલના સતાવાળા સમક્ષ જમા કરવાના હોય. પરતું તબીબે સાધનો જમા નહી કરતા અંતે મેડીકલ કોલેજના ડીનને ફરિયાદ કરી સાધનો જમા લેવાની માંગણી કરવામાં આવી છે.

# શહેરની ભાગોળે ખનીજ ચોરી કરતા આઠ વાહન ચાલકોને રૂા.૨૧.૮૭ લાખનો દંડ

## ચૂંટણી પૂર્વે ફલાઈગ સ્કવોર્ડનો સપાટોઃ ખનીજ માફીયાઓમાં ફફડાટ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ શહેર ટ્રાફિક પોલીસે ટ્રાફિક ડ્રાઇવ દરમિયાન આજી ડેમ ચોકડી નજીકથી ઓવરલોડિંગ અને ખનીજ ચોરી મામલે ઝડપી લીધેલા ૮ વાહનોને ખાણખનીજ વિભાગની ફ્લાઈંગ સ્કવોડ દ્વારા રૂપિયા ૨૧.૮૭ લાખનો દંડ ફટકારતા રેતીની ખનીજચોરી કરતા તત્વોમાં ફફડાટ મચી જવા પામ્યો છે. પ્રાપ્ત વિગતો મુજબ રાજકોટ શહેર ટ્રાફિક પોલીસ દ્વારા તાજેતરમાં ટ્રાફિક ડ્રાઈવ યોજી સપાટો બોલાવ્યો હતો જેમાં આજીડેમ ચોકડી નજીકથી ટ્રાફિક પોલીસ દ્વારા રેતી ભરેલા ઓવરલોડ ડમ્પરો પકડી પાડી ખાણખનીજ વિભાગને જાણ કરી તમામ વાહનો પોલીસ હવાલે કરવામાં આવ્યા હતા જેમાં ડમ્પર નંબર GJ 12 AT 6611, GJ 03 w 9465, GJ13 AW 3418, GJ-13-AX-3192, GJ03-BV-7062, GJ-13- AX-4607, GJ-03-B-0054 નંબર GJ-03-



BW-6625ના માલિકોને ખાણખનીજ વિભાગ દ્વારા ખનીજ ચોરી સબબ રૂપિયા ૨૧.૮૭ લાખનો દંડ ફટકારી વસુલાતની કાર્યવાહી હાથ ધરી હોવાનું ખાણખનીજ વિભાગના આસિસ્ટન્ટ ડાયરેક્ટર અંકિત ભટ્ટે જણાવ્યું હતું.